Reg. No. B. 876

શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રકટ થતું.

# બુદ્ધિપ્રભા.

## ( Light of Reason. )

વર્ષ ૨ જું. સને ૧૯૧૦. નવેમ્બર. અંક ૮ મો.

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥
नाहं पुद्गलभावानां कर्त्ता कारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટકર્ત્તા,

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ; તરફથી,
શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.
નાગોરીસરાહ—અમદાવાદ.

વાર્ષિક લવાજમ—પોસ્ટેજ સાથે રૂ. ૧—૪—૦. સ્થાનિક ૧—૦—૦

અમદાવાદ. શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | | | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ. | ૨૨૫ | ૭ 'મૈત્રી.' ... ... ... | ૨૩૮ |
| ૨ ગુરુબોધ. ... ... | ૨૨૬ | ૮ જૈનધર્મ બૌધધર્મની શાખા છે ? ... ... | ૨૪૭ |
| ૩ એક શ્રાવકને લખેલો સદુપદેશ પત્ર. ... ... | ૨૩૨ | ૯ વાચન. ... ... ... | ૨૪૮ |
| ૪ મ્હારી સાધ્યદશાની સ્ફુરણા. | ૨૩૩ | ૧૦ અંગ્રેજી લેખનો સંક્ષિપ્ત સાર (ઉપવાસ વિષે.)... | ૨૫૧ |
| ૫ નીતિ વચનામૃત ... | ૨૩૪ | ૧૧ નીતિ વિચાર પુષ્પ. ... | ૨૫૩ |
| ૬ "સદ્‌ગુરુની મહત્તા." ... | ૨૩૬ | ૧૨ કષાય ચતુષ્ય. ... ... | ૨૫૫ |


---

# શ્રી અમદાવાદની શ્રાવિકા ઉદ્યોગશાળાનો માહે અકટોબર સને ૧૯૧૦ નો વૃતાંત.

ગયા માસની સીલક રૂ. ૧૧—૭—૫ જમા શા. પુંજાભાઇ હીરાચંદ તરફથી માહે સપ્ટેમ્બરના રૂ. ૩૦-૦-૦. શ્રી ભેટખાતે શ્રી ખેડાના શા. પરસોતમદાસ દીપચંદ મુંબઇવાળા તરફથી રૂ. ૫-૦-૦. શા. હેમચંદ જેચંદના ખાતે રૂ. ૨૭-૨-૯. કુલ રૂ. ૭૩-૧૦-૨. તેમાંથી બાદ ખર્ચ-શ્રી પગાર ખાતે માહે સપ્ટેમ્બરના રૂ ૩૦-૮-૦. શ્રી પરચુરણ ખર્ચ ખાતે રૂ. ૨-૩-૬. શ્રી મકાન ભાડા ખાતે રૂ. ૨૯-૦-૦. કુલ રૂ. ૬૧-૧૧-૬. બાકી સીલક રૂ. ૧૧-૧૪-૮.

શીખનાર સ્ત્રીઓની જાતવાર સંખ્યા—વીશાશ્રીમાળી ૫૭. દશાશ્રીમાળી ૧૬. વીશાપોરવાડ ૮. દશાપોરવાડ ૩. વીશા ઓસવાલ ૩. દશાઓસવલ ૧. પરચુરણ ૧. કુલ નંબર ૮૯. દરરોજની સરાસરી હાજરી ૫૫. ધંધાવાર સંખ્યા-ભરત ભરનાર-૫૭. શીવણ કરનાર-૧૫. ગુંથણ કરનાર-૧૭. સ્થિતિવાર સંખ્યા- સધવા-૫૭. વીધવા-૨૫. કુંવારી-૨૯.

રવાના તા. ૧ લી નવેમ્બર સને ૧૯૧૦.<br>પ્રસિદ્ધ થવા શ્રી બુદ્ધિપ્રભા ઓફીસ તરફ.

**મનસુખ અનોપચંદ શાહ.**<br>ઓનરરી સેક્રેટરી.

---

# બુદ્ધિપ્રભા.

(The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૨ જું. તા. ૧૫ મી નવેંબર સન ૧૯૧૦ અંક ૮ મો.

## ज्ञान अने क्रियाथी मोक्ष.

ગઝલ.

" અરે અજ્ઞાનથી અંધા, ક્રિયાઓ પૂતળી પેઠે,
કરે છે ને કરાવે છે, સ્વયં નાચે નચાવે છે." ૧
" અહો ઉન્મત્તની પેઠે, વદે છે જ્ઞાનત્રણ શબ્દો;
ધમાધમમાં ધસી પડતા, કરવું શું ? વિચારે નહીં." ૨
અરે એવી પ્રવૃત્તિથી, ચડાતું નહિ મનુષ્યોથી;
ક્રિયા રૂચિ ઘણા જીવો, મ કર વૃત્તિ, કદાગ્રહમાં. ૩
નથી વિજ્ઞાનથી નિશ્ચય, ગ્રહે નહિ યુક્તિથી સાચું;
કરે છે સ્થૂલ બુદ્ધિથી, અધિકારી અરે તેવા. ૪
બધુંએ અંધ શ્રદ્ધાથી, કરે છે બાળ જીવોરે,
કરે નહિ જ્ઞાનની રૂચિ, અધિકારી થશે ક્યારે. ૫
" ક્રિયાનું જ્ઞાન થાશે તો, ક્રિયા સહુ આવશે લેખે;

ક્રિયાવણ પંગુછે જીવો, અરે વિજ્ઞાનવણ અંધા." ૬
ગુરૂગમ જ્ઞાન લેઇને, પ્રવૃત્તિયોગ આરંભો;
ધરો અધ્યાત્મમાં નિષ્ઠા, વિકલ્પો સહુ ટળે તેથી. ૭
" નયોનું જ્ઞાન થાવાથી, ટળે સહુ કલેશના ઝઘડા;
નથી શાસ્ત્રાર્થના ભભકા, યથારૂપે જણાતું સહુ." ૮
" અનુભવ જ્ઞાનની મૈત્રી, વધાઇ મુક્તિની નક્કી;
અલખની ધુનની ધારા, ટળે છે મોહની વૃત્તિ." ૯
" ક્રિયાની ઉચ્ચતા આવે, મનોવૃત્તિ તણી સ્થિરતા;
સ્વયં વિજ્ઞાન ઘન ભાસે, ખરો એ યોગ જ્ઞાનીનો." ૧૦
" ક્રિયા ભેદો અસંખ્યાતા, વિષમતા ભાવના ભેદે;
ભલી ઉપયોગ નિસ્સરણી; ચડાને મુક્તિના મહેલે." ૧૧
ધરો માધ્યસ્થતા જ્ઞાને, પ્રવૃત્તિ પાર અલબેલો;
પ્રવૃત્તિની નિવૃત્તિમાં, બુદ્ધ્યબ્ધિ, લક્ષ્યદેવાનું. ૧૨

સુરત.

---

# गुरुबोध.

## આત્મજ્ઞાન.

( લેખક—મુનિ બુદ્ધિસાગરજી. )

આત્મજ્ઞાનની મહત્તાની અવધિ નથી—સર્વવસ્તુમાં સારમાં સાર આત્મજ્ઞાન છે—શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે—**અપ્પનાણેણય મુણી હોઈ. ન મુણી અરણવાસેણ—આત્મજ્ઞાનેન મુનિર્ભવતિ ન મુનિઃ અરણ્યવાસેન.** આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાથી મુનિ હોય છે. પણ ફક્ત જંગલમાં વાસ કરવા માત્રવડે મુનિ હોતા નથી—આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું મહા દુર્લભ છે. કોઇ આસન્નભવીને આત્મજ્ઞાન તરફ લક્ષ્ય જાય છે. જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું. **એગં જાણઇ સો સવ્વં જાણઇ.** એકને જાણે છે તે સર્વને જાણે છે. આત્માનું જ્ઞાન કરવામાટે શ્રી સદ્ગુરૂની ઉપાસના કરવાની આવસ્યકતા છે. ગુરૂની કૃપાથી તેઓશ્રી મુખદ્વારા જે બોધ આપે છે અને તેથી જે કંઇ અસર થાય છે તેવી અસર પોતાની મેળે પુસ્તકો વાંચવાથી પણ થતી નથી. હાલના કાળમાં આત્મજ્ઞાન તરફ

કોઇ ઉત્તમ જીવોનું લક્ષ્ય ખેંચાય છે, કેટલાક મનુષ્યો ધર્મ ધર્મ પોકારે છે, પણ આત્મતત્ત્વ જાણ્યાવિના તેઓ સત્ય ધર્મ સાધી શકતા નથી આત્મતત્ત્વ જાણ્યાવિના પુનર્જન્મ અને પુણ્ય, પાપ, બંધ અને મોક્ષતત્ત્વની શ્રદ્ધા થતી નથી. આત્મતત્ત્વ જાણવાથી હૃદયમાં સત્યવિવેક પ્રગટે છે અને સત્ય સુખ પ્રાપ્ત કરવા ઈચ્છા થાય છે.

આત્માના ત્રણ ભેદ છે. બહિરાત્મા—અન્તરાત્મા અને પરમાત્મા. આ ત્રણ આત્માઓનું સ્વરૂપ સમજવાથી પોતે કયો આત્મા છે તેનો અનુભવ થાય છે.

બાહ્ય વસ્તુઓમાં આત્માને માનનાર બહિરાત્મા કહેવાય છે. મન—વાણી અને કાયાને આત્મા માનનાર બહિરાત્મા કહેવાય છે. મિથ્યાત્વદશામાં વર્તનારને બહિરાત્મા કહેવામાં આવે છે.

બહિરાત્માઓ અનેક છે. રાગ અને દ્વેષમાં સદાકાલ તેઓ લયલીન રહે છે. તેઓ પુણ્ય અને પાપનો ભેદ સમજતા નથી. દુનિયાની ઉન્નતિનેજ પોતાના આત્માની ઉન્નતિ ગણે છે, ખાવું-પીવું—પહેરવું વગેરે સાંસારિક સુખો ભોગવવામાંજ તેઓનું જીવન ચાલ્યું જાય છે. સાંસારિક સુખને માટે તેઓ નીતિનો ક્વચિત્ સ્વીકાર કરતા જણાય છે પણ પોતાના આત્માનું સુખ મેળવવા નીતિનો સ્વીકાર કરતા નથી. બહિરાત્માઓ અસત્ય વસ્તુઓને સત્ય માને છે અને સત્ય તત્ત્વને અસત્ય માને છે. બહિરાત્માઓ વૈષયિક સુખને માટે સાંસારિક વસ્તુઓમાં રાચી માચીને રહે છે, સત્ય દેવ, ગુરૂ અને ધર્મનું તત્ત્વ સમજી શકતા નથી. દુનિયાની જડ વસ્તુઓમાં તેઓ સુખની શ્રદ્ધા ધારણ કરે છે, શરીરથી ભિન્ન અને પુનર્જન્મવાળા આત્માની શ્રદ્ધા તેઓના મનમાં ઠસતી નથી. કેટલાક બહિરાત્માઓ લોહીને આત્મા માને છે, કેટલાક શરીરની ઉષ્ણતાને આત્મા માને છે કેટલાક બહિરાત્માઓ પંચભૂતના સંયોગને આત્મા માને છે, કેટલાક શ્વાસોશ્વાસને આત્મા માને છે આમ બહિરાત્માઓ અજ્ઞાનથી અનેક કલ્પનાઓ કરે છે.

ખરૂં કહીએતો બહિરાત્માઓ નીતિના ઉચ્ચ સિદ્ધાંતોને પણ પાળી શકતા નથી તેઓના મનમાં અનેક પ્રકારનાં પાપકર્મની બુદ્ધિયો હોય છે પરભવ નહિ માનનાર બહિરાત્માઓ સરકારના ભયથીજ ફક્ત સુલેહશાંતિ જાળવી શકે છે પણ મનમાં તો અનેક પ્રકારના પાપના વિચારો કરે છે. બહિરાત્માઓ ઉપરથી સારા દેખાય છે પણ તેઓનું હૃદય તપાસવામાં આવે તો

કરૂણા ઉત્પન્ન થયા વિના રહે નહિ, બહિરાત્માઓ હિંસા કર્મથી પાછા હઠતા નથી કારણ કે તેઓ એમ માને છે કે આપણે ક્યાં પરભવમાં જનારા છીએ કારણકે પરભવ નથી તેથી ત્હેમાં જવાનું નથી અને પાપ ભોગવવાનું નથી આવી તેઓની બહિરાત્મ બુદ્ધિથી પરોપકાર, દયા આદિથી પરના ભલામાં તેઓ ભાગ લેઈ શકતા નથી. બહિરાત્માઓ એમ સમજે છે કે પરને કંઇ પણ વસ્તુ આપવાથી તે વસ્તુથી અન્ય સુખ લે છે તેમાં પોતાને ફાયદો મળતો નથી. આવી તેઓની ખરાબ બુદ્ધિના લીધે તેઓ જગતનું કલ્યાણ કરી શકતા નથી અને એક પાઇ પણ બીજાના ભલા માટે ખર્ચી શકતા નથી. બહિરાત્માઓને એકાંત જડ વસ્તુઓ ઉપર રાગ હોવાથી પૈસા પરમેશ્વર કરતાં પણ વિશેષ વ્હાલો લાગે છે. પોતાના ઘરને તેઓ સ્વર્ગ કલ્પે છે ચમડી છુટે પણ દમડી ન છૂટે એવી તુચ્છ બુદ્ધિને ધારણ કરે છે. બહિરાત્માઓ પ્રભુભક્તિ, ગુરૂભક્તિ અને ધર્મની વાતને વ્હેમ ગણી હસી કાઢે છે, ગાડી ઘોડા દોડાવવા, હવા ખાવી, લહેર મારવી, સારૂ સારૂ ખાવું પીવું, અને પોતાના શરીરને સાચવવામાંજ ધર્મ છે. બાકી અન્ય કંઇ ધર્મ નથી ઇત્યાદિ માને છે. બહિરાત્માઓ ધર્મપુરૂષોની મશ્કરી કરે છે. બહિરાત્માઓ પાંચ ઇન્દ્રિયોનું પોષણ કરવામાંજ સુખ માની આત્માના સત્ય સુખથી ન્યારા રહે છે, જેમ દુર્ગંધી રોગી કૂતરૂં જ્યાં ત્યાં ખરાબ પરમાણુ સ્કંધોને ફેલાવે છે તેમ બહિરાત્માઓના મનમાં પણ ખરાબ વાસના ફૂદાફૂદ કરી રહી હોય છે તેથી તેઓ પોતાના મિત્ર, પુત્ર, સ્ત્રી વગેરે સંબંધીઓમાં પણ ખરાબ વિચારો ફેલાવે છે, જેમ હડકાયું કૂતરૂ પોતે પણ મરે છે અને બીજાઓને પણ કરડીને મૃત્યુ પમાડે છે તેમ બહિરાત્માઓ પોતાનો નાશ કરે છે અને બીજાઓનો પણ નાશ કરે છે.—

મિથ્યાત્વ વાસિત બહિરાત્માઓ પોતાના અશુદ્ધ વિચારોને જ્યાં ત્યાં ફેલાવે છે, મિથ્યાત્વી જીવોની અંતર ચક્ષુઓ ન ઉઘડેલ હોવાને લીધે તેઓ અંધની માફક પ્રવૃત્તિ કરે છે. કુદેવ, કુગુરૂ, કુધર્મમાં આસક્ત જીવો મુક્તિમાર્ગ સન્મુખ થઇ શકતા નથી, બહિરાત્માઓ સ્વાત્મધર્મ મૂકીને પરભાવમાં સદાકાલ મગ્ન રહે છે, બહિરાત્માઓ સત્યતત્ત્વ સમજી શકતા નથી. અને જે સત્યતત્ત્વ માને છે તેને પણ ઉલટું સમજાવી ખરાબ વિચારોનું ઘર બનાવે છે. બહિરાત્માઓ મહા આરંભોનું સેવન કરે છે, બહિરાત્માઓ કુમતિના પ્રેર્યા સ્વપરનું કલ્યાણ કરી શકતા નથી. બહિરાત્માઓ બાહ્ય દુનિયાની ઉન્નતિને પોતાનું સાધ્યબિંદુ કલ્પે છે: નિવૃત્તિ માર્ગ તરફ તેઓની પ્રીતિ

વર્તતી નથી. મિથ્યાત્વ સમયમાં પ્રદેશી રાજાનાં જેવાં આચરણ હતાં તેવાં બહિરાત્માઓનાં આચરણ રહે છે.

તેઓ કર્મ અને આત્માનો અસ્તિત્વભાવ સ્વીકારતા નથી. સ્વર્ગ, નરક, મોક્ષ આદિનું અસ્તિત્વ સ્વીકારતા નથી. ગૃહસ્થધર્મ અને સાધુ ધર્મનો સ્વીકાર કરતા નથી. સર્વજ્ઞનાં વચનમાં અનેક પ્રકારની શંકાઓ કરે છે. સર્વજ્ઞ કોઇ પણ છે એવો વિચાર તેઓ ધરાવતા નથી, નિંદ્યકર્મો કરવાથી પણ પાછા હઠતા નથી. જે જે આંખે દેખાય છે તેટલીજ વસ્તુઓનો તે સ્વીકાર કરે છે. પોતાની બુદ્ધિની બહાર જે જે વસ્તુઓ હોય તેને માનતા નથી. પ્રાયઃ આવી બહિરાત્માઓની દશા વર્તવાને લીધે તેઓ ધર્મી પુરૂષોને મારી પણ નાંખે છે, પોતાના અધર્મ વિચારો ફેલાવવા અનેક પ્રકારની કળાઓ કરી લોકોને પાખંડમાં દોરે છે. આત્માદિનું અસ્તિત્વ માનનારાઓને તેઓ મૂર્ખ ગણી કાઢે છે, બાહ્યની ઉન્નતિ માટે રાગદ્વેષમાં ફસી જઇ સત્યતત્ત્વ જોઇ શકતા નથી. તેઓની તીવ્રબુદ્ધિનો દુરૂપયોગ કરે છે. પોતાનેજ સત્ય વિચારક પ્રોફેસર તરીકે ગણે છે. તેથી દુર્વિદગ્ધની પેઠે અનેક પ્રકારે સમજાવવામાં આવે તોપણ પોતાનો કકકો છોડતા નથી. કોઇ મહાત્મા પુરૂષનો સંસર્ગ થતાં જીવાદિ નવતત્ત્વનો બોધ તેમાંથી કોઇ પામી શકે છે, જેઓ માર્ગાનુસારિના ગુણો પામે છે તેઓ આત્મતત્ત્વ સન્મુખ થઇ શકે છે. ભવસ્થિતિ પરિપાક દશાયોગે બહિરાત્માઓ આત્મતત્ત્વ સન્મુખ થાય છે અને સમ્યક્ત્વધર્મને પામે છે. જીવાદિ નવતત્ત્વનું જ્ઞાન કરી તેની શ્રદ્ધાને ધારણ કરતાં અન્તરાત્માપણું પ્રાપ્ત થાય છે.

---

# " अन्तरात्माओ. "

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા બંધ અને મોક્ષ એ નવ તત્ત્વને સાત નય, ચાર નિક્ષેપ આદિથી જાણી તેની શ્રદ્ધા કરનારને સમ્યક્ત્વ ગુણ પ્રગટ થાય છે. શરીર, વાણી અને મનથી આત્માને અન્તરાત્માઓ ભિન્ન સ્વીકારે છે, અન્તરાત્માઓ આત્માને આત્મા તરીકે માને છે અને જડને જડ વસ્તુ તરીકે માને છે. અન્તરાત્માઓ પુનર્જન્મ, મોક્ષ વગેરે તત્ત્વો સ્વીકારે છે, અન્તરાત્માઓ પુણ્યને વ્યવહારનયથી આદેય માને છે અને નિશ્ચયથી હેય માને છે તેમજ પાપ તત્ત્વનો ત્યાગ કરવા પ્રયત્ન કરે છે. અન્તરાત્માઓ અષ્ટકર્મથી પોતાના આત્માને મૂકાવવા જ્ઞાન, દર્શન

અને ચારિત્રની આરાધના કરે છે. શરીરમાં રહેલા છતાં પોતાને શરીરથી ભિન્ન સ્વીકારે છે. આત્માના અસંખ્યાત પ્રદેશ છે અને તે પ્રદેશો નિરાકાર છે. આત્માના એકેક પ્રદેશે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનન્તચારિત્ર, અનંતવીર્ય આદિ અનન્તગુણો રહ્યા છે. અનાદિ કાલથી ક્ષીરનીર સંયોગની પેઠે આત્માના પ્રદેશોની સાથે કર્મવર્ગણાઓ લાગી રહી છે. મુખ્યતાએ આત્માને આઠ પ્રકારનાં કર્મ લાગ્યાં છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય, એ આઠ કર્મના ક્ષયથી અનંતજ્ઞાન, અનંતદર્શન, અવ્યાબાધસુખ, ક્ષાયિકચારિત્ર, આદિ અનંતિસ્થિતિ, અરૂપી, અગુરૂલઘુ, અનન્તવીર્ય એ આઠ ગુણ છે તેનો પરિપૂર્ણ પ્રકાશ થાય છે.

આત્માની શુદ્ધ દશા કરવામાટે અન્તરાત્માઓ ગૃહસ્થધર્મ વા સાધુ ધર્મ અંગીકાર કરે છે. રાગદ્વેષનો ક્ષય કરે છે, કોઇ જડ પદાર્થ ઉપર રાગ વા દ્વેષ ધારણ કરતા નથી. કોઇ જડ પદાર્થને ઇષ્ટ વા અનિષ્ટ કલ્પતા નથી, ક્રોધ, માનાદિક દોષોને પ્રતિદિન ક્ષય કરવા આત્મરમણતામાં આસક્ત રહે છે. બાહ્ય વસ્તુઓમાં તેમજ દેહ વગેરેમાં મમત્વભાવ કલ્પતા નથી, પ્રતિદિન ઉપરના ગુણસ્થાનકની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરે છે, મનમાં થતા વિકલ્પ સંકલ્પોને હઠાવતા જાય છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગના અષ્ટાંગનું હદ પ્રમાણે સેવન કરે છે. આત્માના સ્વરૂપમાંજ શુદ્ધોપયોગ રાખે છે.

તેઓ ગૃહસ્થાવાસમાં રહી સંસારનાં કાર્ય કરે છે તોપણ સમભાવથી કરે છે. જ્ઞાનિનો ભોગ નિર્જરા હેતુ માટે થાય છે. એવી દશા લાવવા પ્રયત્ન કરે છે. સારાંશકે, આત્માનું એવું ઉચ્ચજ્ઞાન મેળવે છે કે તેના પ્રતાપે ભોગાવલીકર્મના ઉદયે સંસારમાં ભોગ ભોગવવા પડે છે. તોપણ જલકમલની પેઠે અન્તરથી ન્યારા રહે છે. કામીના મનમાં જેમ કામ-લોભીના મનમાં જેમ દામ, જુગારીના મનમાં જેમ દાવની ધુન લાગી રહી હોય છે તેમ અન્તરાત્માઓના મનમાં આત્માની ધુન લાગી રહી હોય છે. તેઓ આત્માનું ધ્યાન ધરે છે. સદનુષ્ઠાન સેવે છે, અસંખ્ય યોગમાંથી ગમે તે યોગોનું યથાશક્તિ આરાધન કરે છે. શ્રાવક વા સાધુઓ તરીકે અન્તરાત્માઓ મુક્તિપદનું આરાધન કરવા સદાકાલ લક્ષ્ય રાખે છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં લેપાતા નથી. આત્માના જ્ઞાન ધ્યાનમાં રમણતા કરી અપ્રમત્ત થઇ ઘાતી કર્મનો ક્ષય કરી કેવલ જ્ઞાન પામે છે, આયુષ્ય ક્ષયે સિદ્ધશિલાની ઉ-

પર એક યોજનના ચોવીશ ભાગ કરીએ તેમાંથી ત્રેવીસ ભાગ નીચે મૂકી ચોવીશમા ભાગ ઉપર સિદ્ધ ભગવંતો રહ્યા છે.

## " પરમાત્માઓ. "

જે અન્તરાત્માઓ તેરમા ગુણઠાણે જઇ કેવલ જ્ઞાન પ્રાપ્ત કરે છે તે- ઓ સયોગી પરમાત્મા કહેવાય છે અને જે અયોગી થઈ મુક્તિમાં જાય છે તેઓ અયોગી સિદ્ધ, બુદ્ધ પરમાત્માઓ કહેવાય છે. સિદ્ધ પરમાત્માઓ સ- મયે સમયે અનંતસુખ ભોગવી રહ્યા છે. જન્મ, જરા અને મરણની ઉપાધિથી સદાકાલ દૂર રહ્યા હોય છે. મુક્તિમાંથી કદાપિકાળે સંસારમાં પાછા આવતા નથી. અનંત સુખમય દશામાં તેઓ સદાકાલ રહે છે આવી દશા, સર્વ અન્તરાત્માઓ પામી શકે છે.

જે અન્તરાત્માઓ કર્મનો ક્ષય કરે છે તે સર્વ પરમાત્માઓ થાય છે. આવી સિદ્ધ દશા પ્રાપ્ત કરવામાટે આત્મજ્ઞાનની જરૂર છે, આંધળા અને દેખતા મનુષ્યોમાં જેમ ફેર છે તેમ જ્ઞાનિયો અને અજ્ઞાનિયોમાં ફેર છે. આત્મજ્ઞાની આત્માના ગુણોને અભ્યાસબળવડે ખીલવે છે. ક્રોધાદિક દુષ્ટ શત્રુઓનો જ્ઞાનબળવડે ક્ષય કરે છે, આત્મજ્ઞાનિયો પરમાત્મપ્રતિ સાધ્યબિંદુ કલ્પે છે. જગતના પદાર્થો ઉપર તેઓની ઉદાસીનવૃત્તિ રહે છે. બાહ્યની ઉન્નતિમાં તેઓનું ચિત્ત લાગતું નથી. તેઓ મનના ધર્મોને વશ કરે છે, માટે માનવબંધુઓએ આત્મજ્ઞાન મેળવી મુક્તિતરફ પ્રયાણ કરવું જોઇએ.

આત્મજ્ઞાન પામેલો આત્મા જાગ્રત થયો કહેવાય છે. જ્યાંસુધી આત્મ- જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી ત્યાંસુધી જીવો સંસારમાં ઘોરનિદ્રામાં ઉંઘેલા જાણવા. આત્મજ્ઞાની પોતાના આત્માની ઉચ્ચ દશા કેવી રીતે કરવી તે બરાબર સ- મજે છે. આત્મજ્ઞાનિની સર્વ ક્રિયાઓ સફળ થાય છે; **પઢનં નાણં તઓ દયા.** પહેલું જ્ઞાન અને પશ્ચાત દયા, આ સૂત્રથી પણ આત્મજ્ઞાનની આવ- શ્યકતા સિદ્ધ થાય છે. અનંત જીવો આત્મજ્ઞાન પામી મુક્તિ પામ્યા અને પામશે. આગમો તેમજ સદ્‌ગુરૂ સેવા વગેરે આત્મજ્ઞાન પામવાનાં પુષ્ટ આ- લંબનો છે તેનો પરિપૂર્ણ શ્રદ્ધાપ્રેમથી આદર કરી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું. આત્મા જે વસ્તુ ધારે છે તે પ્રાપ્ત કરે છે ત્યારે પરમાત્મસ્વરૂપ પણ પોતાનું છે. આત્મજ્ઞાન પણ પોતાનો ધર્મ છે માટે ખરા અંતઃકરણથી પ્રયત્ન કરી સર્વ દોષોનો ક્ષય કરી અનંત ગુણોને આત્મજ્ઞાની પ્રગટાવે છે અને તે કર્મરહિત થઇ **પરમાત્મપદ** પ્રાપ્ત કરે છે. આવી આત્મજ્ઞાનની દશા માટે પુરૂષોએ અને સ્ત્રીઓએ પ્રયત્ન કરવો જોઇએ.

# एक श्रावकने लखेलो सदुपदेश पत्र.

## મુકામ સુરત.—ગોપીપુરા.

લેખકઃ—મુનિ બુદ્ધિસાગરજી.

### ગઝલ.

સુબોધી જાગૃતિ ચન્દ્ર, દયાળુ જૈન મન જાણો;
લખેલો પત્ર વાંચ્યો મ્હેં, વિચાર્યું સહુ ભલી રીતે. ૧
પ્રસંગે શાન્તતા ધરજો, ગૃહીનાં વ્રત આદરજો;
કરીને ઉચ્ચતા મનની, ખરી ઝટ સામ્યતા વરજો. ૨
ખરેખર દુઃખમય દુનિયા, નથી ત્યાં શાન્તિનો છાંટો;
રહે બહુ ચિત્ત ચંચળતા, ઉપાધિ યોગની હોળી. ૩
સહુ જ્યાં સ્વાર્થનાં બેલી, નથી નિષ્કામથી વૃત્તિ;
જગત્‌ના સ્વાર્થની આશા, મધુબિંદુસમું સુખ જ્યાં. ૪
મનોવૃત્તિતણા ખેલો, અરે ખેલો, નથી સુખડાં;
ગળાગળમત્સ્યના ન્યાયે, પ્રવૃત્તિ રે બની કર્મે. ૫
અરે ઘુવડસમી દૃષ્ટિ, ખરૂં જે સત્ય શું જાણે;
અરે અગ્નિ વિષે રહીને, શિતળતા આત્મની ધરવી. ૬
નથી ત્યાં ખેલ બાલકનો, અરે ન્યારા સદા રહેવું;
સકળથી ભિન્નતા ધારી, ખરો સંન્યાસ આદરવો. ૭
કરો કોટી ઉપાયો રે, બધું આ બાહ્યનું જાશે;
અરે આ આંખ મીંચાશે, જરા પણ સાથ નહિ આવે. ૮
ખરો વૈરાગ્ય ધારી લ્યો, વિષયના વેગ વારી લ્યો;
નવ તત્ત્વો વિચારી લ્યો, કહેલા બોલ પાળી લ્યો. ૯
કરો આત્મોન્નતિ જલદી, ધરો ઝટ સાધ્યમાં દૃષ્ટિ;
બહુ સ્થિરતા કરો લક્ષ્યે, કરો નિષ્કામથી જે તે. ૧૦
ખરો એ યોગ જ્ઞાનીનો, બધું જગ ચિત્તથી ન્યારૂં;
બુદ્ધયબ્ધિ સાધજો સિદ્ધિ, અનન્તાં સુખ તુજ ઘટમાં. ૧૧

# म्हारी साध्यदशानी स्फुरणा.

गझल.

ઉપર આકાશ અધઃ પૃથ્વી, નથી બેલી જગત્માં કોઇ;
મળ્યાં ને આપવું દેવું, હૃદય તું ખેદ ના ધર રે. ૧
અધિકારી હૃદયપ્રેમી, હૃદયના ઉચ્ચ આત્માર્થી;
મળે નહિ સન્ત મેળાપી, કરૂં ક્યાં જઇ હૃદય ખાલી. ૨
અરે ભવદાવની મધ્યે, પડે નહિ ચેન સ્વપ્નામાં;
જિવા તું જ્ઞાનના બળથી, કરીને મૈત્રી પોતાની. ૩
અરે આ અગ્નિપર જલની, કરીને વૃષ્ટિ જીવું છુ;
ઉદય આવ્યાં હજુ આવો, બધાં દેવાં પતાવીશું. ૪
પરિતઃ ક્ષારનો ઉદધિ, તથાપિ મિષ્ટ જલ પીવું;
રચાઈ સર્વની શય્યા, ઉપર પોઢું થઇ નિર્ભીત. ૫
હૃદયભેદુ નથી કોઇ, નથી કરવા હવે ઇચ્છા;
જીવન ચાલ્યું જશે ભાવી, મ્હને મ્હારો હજો સાથી. ૬
અનુભવજ્ઞાન એ મ્હારા, હૃદય સાક્ષી બન્યો બનજે;
સદા તું સાથમાં રહેજે, ભલામાં કે નઠારામાં. ૭
મ્હને તો રાગનાં સ્વપ્નાં, મ્હને તો દ્વેષનાં સ્વપ્નાં;
અરે ઝાકળતણું વારિ, ઉગ્યાથી સૂર્ય અળપાશે. ૮
બધાંની વાત છોડીને, ખરૂં કરવું હવે મ્હારૂં;
ઉપર પુષ્પોતણી શય્યા, ભર્યા નીચે બહુ કાંટા. ૯
વિચારી ચાલવું પન્થે, ઘણા ખાડા ઘણા ચોરો,
વિષય વૃક્ષોની છાયામાં, કરીશ વિશ્રામના પન્થી. ૧૦
અરે ચેતન હવે ચેતો, ખરા પ્યારા સદા મ્હારા;
બુદ્ધચબ્ધિ શુર થા નક્કી, પ્રતાપી સૂર્યની પેઠે. ૧૧

ॐ शान्तिः

# ( નીતિ વચનામૃત. )

( લેખક પન્યાસ મુનિ શ્રી કેસરવિજયજી. )

૧ ભક્તિ આ દુનિયાના સુખની થાપણ છે.

આ સર્વે મનુષ્યો તારી આજ્ઞા માન્ય કરે છે તો તું પણ મહા પ્રભુની આજ્ઞાપ્રમાણે ચાલ. જે રાજા પ્રભુની આજ્ઞાપ્રમાણે વર્ત્તન કરવા માટે તૈયાર થાય છે તેની આજ્ઞા ઉઠાવવા માટે આખી રૈયત તૈયાર રહે છે.

૨ જે મનુષ્ય મનશુદ્ધિ રાખીને વર્ત્તન કરે છે તે, તે જમાનાનો જીવતો પરમેશ્વર છે.

૩ જો તમારી એમ ઇચ્છા હોય કે આ આફતમાંથી જાન બચાવવો; તો તારા પોતાના મનને નમ્રતા શીખવ. જો તું નમ્ર હશે તો સુખીથઇશ. નમ્રતાની કદર જલદી થાય છે.

૪ ઇચ્છારૂપી ખજાનાના દરવાજાની કુંચી ધૈર્યજ છે. બંધ બારણું ખોલી નાંખનાર પણ ધીરજ છે. માણસની હિંમત મોઢાના તડાકા મારવાથી સમજાતી નથી પણ તેની કીંમત તેની ધીરજથી નિર્ણિત થાય છે.

૫ જેના દ્વારથી ભિક્ષુક નિરાશ થઇ પાછો ફરે તેના જેવી શરમ, ઉદાર દીલના માણસને બીજી એક પણ નથી.

૬ જ્યાં જીતેંદ્રિયતા પોતાનો વાવટો ફરકાવે છે ત્યાં શુદ્ધ વૃત્તિઓ અને ધર્મનો સંપૂર્ણ વિજય થાય છે.

૭ દ્રવ્યના ભંડાર કરતાં સભ્યતા વધારે કીમતિ છે, આખા રાજ્ય કરતાં પણ તે મોટી છે. મહાન્ પુરૂષોએ માલ મતાની કદી દરકાર કરી નથી કેમકે તેનો તો નાશ થાય છે પણ વિદ્યા અને સભ્યતાનોજ સંગ્રહ કર્યો છે.

૮ મન મોહોટું રાખ. જેવું તારૂં મન, તેવોજ તારા પર લોકો વિશ્વાસ રાખશે.

૯ યથાર્થ નિશ્ચય અને સંપૂર્ણ પ્રયત્નોસિવાય કોઇની ઇચ્છાઓ પાર પડી નથી. જે જે દિશામાં તારી નિશ્ચયતાની લગામ તું ફેરવે ત્યાં એટલી સંભાળ રાખજે કે, આનાકાનીને હાથે તે લગામને ઢીલી પડવા દેતો નહિં.

૧૦ માણસને મહેનતસિવાય કાંઇ મળવાનું નથી. મારી ઇચ્છાનો છેડો હું મજબુત પકડું તો જરૂર શોક અને દીલગીરીમાંથી છુટી શકું.

જેણે પોતાનું શરીર સુખમાં રાખવું હોય તેમણે કોઇ પણ જાતના વિકટ અધિકાર પર રહેવા કમર કસવી નહિ જોઇએ. જેને અધિકાર ભોગવ-

વો છે તેને મુસ્કેલી ન ભોગવતાં આશાયેસ લેવો કેમ પરવડે ?

૧૧ ક્ષુલ્લ, નીચ કામ કરતાં પ્રાણ જાય તેના કરતાં કોઇ ઉત્તમ મહાન કાર્ય કરતાં આદેહનો અંત આવે તે વધારે ઉત્તમ વાત છે. કામમાં તો યત્નપૂર્વક મંડ્યાજ રહેવું. યત્નથી ગમે તેવી અસાધ્ય વસ્તુ પણ સુસાધ્ય થાય છે.

૧૨ જેના મસ્તક ઉપર દ્રઢતાનો મુગટ શોભે છે તે પોતાની મોટાઇમાં તારાઓથી ચળકતા આકાશ કરતાં પણ ચઢીયાતો છે.

તારા કામનો પાયો દ્રઢતાઉપર નાંખ અને પછી નિરાંત રાખ. કારણ કે જે પાયો છેક મુળમાં નંખાયો છે તે હમ્મેશને માટે ટકી રહેશે.

દ્રઢતાથી બીજો કોઇ ગુણ ઉત્તમ છે એમ ન સમજ. જો તારો પોતાનો દરજ્જો વધારવાનો તારો ઇરાદો હોય તો દરેક મોટાં કામમાં દ્રઢતાથી વર્તન કરજે, કામશરૂ કરે તે પુરૂં કરવુંજ જોઇયે, જે કામનો પાયો તું નાખે તે મરદોની માફક મહેનત કરી તેને પુરો કર એટલે કે જે વાવટો તું ઉભો કરે તે એવી રીતનો હોવો જોઇએ કે ફરી પાછો તેને ઉંધો વાળવો ન પડે.

૧૩ જેનામાં ન્યાય છે તે દયાની મૂર્તિ છે. તારી પોતાની ન્યાયી છાયાતળે આખી સૃષ્ટિને રહેવાને જગ્યા આપ, આમ કર્યાથી તારી મોટાઇ એટલી વધશે કે તું આસમાનપર પણ પગ મૂકી શકીશ.

૧૪ મિત્ર, અને શત્રુ બન્ને સાથે માયાળુપણાથી વર્તન કર.

ડાહ્યા, માણસની સલાહસિવાય કોઇ કામનો આરંભ નહિં કર. દરેક જીવઉપર રહેમનજર રાખવાને નહિં ભૂલ.

સારા ભાગ્યવંડ તું ઉચ્ચ દરજ્જે પહોંચ્યો છે ત્યારે તું દયા રાખવામાં પણ મજબુત રહે.

તું પોતે બીજાની મદદ ઇચ્છે છે તો તું પણ બીજાને મદદ કર. દુઃખી માણસનું દુઃખ ટાળ નાસીપાસ થયો હોય તેની ઇચ્છા પુરીપાડ ન્યાયથી તારા ધર્મને અને ઘરને આબાદ કર.

૧૫ જે પરમેશ્વરની આજ્ઞાનો અનાદર કરતો નથી, તેની આજ્ઞાનો બીજા કોઇથી પણ અનાદર કરાતો નથી.

૧૬ જુલમી અધિકારીઓ જે જોર જુલમથી પોતાના આશ્રિતોને દુઃખ આપે છે તેજ કારણથી તે પોતાને દુખી મનવાળો બનાવે છે. જુલ્મી માણસ પોતાનાજ પુન્યના મુળનો નાશ કરે છે. જેણે જુલમની કમાનપર અન્યાયનું બાણ ચડાવ્યું છે તેને તમે કહો કે અરે ?

તું સાવધાનથી. આ તારી પાછળ તેના નિઃશ્વાસનું હૃદયભેદક તીર છુપાઇ રહ્યું છે તેનો વિચાર કર. આ તારૂં બાણ લોઢાના બખતરને ભેદી શકે છે તોપણ નિઃશ્વાસનું તીર લોઢાના પર્વતોને પણ ભેદી નાખે તેવું પ્રબળ છે.

૧૭ જેવો ક્ષમા કરવામાં આનંદ છે તેવો વેર લેવામાં નથી. હું તારી સમક્ષ અપરાધી છું, તું પ્રભુની સમક્ષ અપરાધી છે. જો તું મને માફ કરશે તો પ્રભુ તને પણ માફી આપશે. ક્ષમાવૃત્તિ એ મોટો સદ્ગુણ છે. જેનામાં ક્ષમાગુણ છે તે મોટો નસીબવાન છે. ક્ષમાના પ્રકાશથી હૃદય પ્રકાશીત થાય છે.

૧૮ જો તારા ક્રોધને તું જીતે તો તું સકળ ગુણસંપન્ન છે. ધૈર્ય, ડાહાપણનો ખજાનો છે.

ક્રોધને તોડી પાડનાર સહનશક્તિજ છે.

ડાહાપણનો સ્થંભ સહનશક્તિ છે.

જેનું મગજ હલકું તે હમેશ નીચ વૃત્તિનો હોય છે. ધૈર્ય સંપૂર્ણતાની મીલકત છે.

મર્યાદશીલ મનુષ્યના આનંદમાં વૃદ્ધિ કરનાર ધૈર્ય છે. છાયાવાળા વૃક્ષોના કરતાં તું ગુણમાં ઉતરીશ નહિં. કોઈ તેના ઉપર પથ્થર ફેંકે તેને પણ તે વૃક્ષ ફળ આપે છે.

---

# " सद्गुरुनी महत्ता "

( લેખક. શેઠ. જગાભાઇ ઉમાભાઇ—**અમદાવાદ.** )

ઇષ્ટ દેવ આવો રે, દયા દૃષ્ટિ દીલ ધરી;

દર્શન દેવ આપોરે, બાળક કહે કરગરી.

આ સંસારમાં અજ્ઞાનરૂપ અંધકારના યોગે જીવ અનાદિ કાળથી રખડે છે. પોતે કોણ છે? ક્યાંથી આવ્યો અને ક્યાં જશે? તેનો બિલકુલ વિચાર કરતો નથી. સંસારમાં અનેક પ્રકારની આશામાં કુટાય છે પણ જરામાત્ર શાંતિ પામી શકતો નથી. સર્વ સુખનું કારણ શું છે તેને શોધવા જરામાત્ર પણ પ્રયત્ન કરતો નથી. આ સંસારમાં આત્મિક શાંતિ મેળવવી હોય તો પ્રથમ શ્રી સદ્ગુરૂ પાસેથી તત્ત્વજ્ઞાન મેળવવું જોઇએ. તત્ત્વજ્ઞાન માટે શ્રીસદ્ગુરૂની વિનયથી ઉપાસના કરવી જોઇએ, ગુરૂને પ્રાણ કરતાં પણ અધિક

માનવા જોઇએ, કેટલાક કુળ વા વ્યવહારની લાજ ખાતર ગુરૂને ઉપર ઉપ-રથી માને છે પણ જ્યાં સુધી તે સંસારસમુદ્ર તરવા માટે માનતા નથી ત્યાં સુધી તે ગુરૂપાસેથી અમૂલ્ય તત્ત્વજ્ઞાનનો લાભ મેળવી શકતા નથી. કેટ-લાક ગુરૂ પાસે જાય છે પણ આડી અવળી ગમે તે બાબતની વાતો કરી નકામો વખત ગાળે છે, તેમાં તે જીવો પોતાની ઉન્નતિ કરી શકતા નથી. કારણ કે ગુરૂપાસે જઇને કંઇ પણ તત્ત્વજ્ઞાન મેળવવું જોઇએ અને પો-તાના આત્માની ઉન્નતિ થાય તેવા ઉપાયો પુછવા જોઇએ. કેટલાક ગુરૂપાસે જઇને પોતે ધર્મનાં જે જે કામોમાં ચતુરાઇ બતાવવી હોય તેની પ્રસંગ લા-વી વાતો કરે છે અને તેમાં સત્સમાગમનું ફળ કલ્પી લે છે. કેટલાક ગુરૂની પાસે જઇ સાંસારિક બાબતોની વિકથા શરૂ કરે છે અને તેમાં પોતાનું અ-મૂલ્ય જીવન ગાળે છે. કેટલાક ફક્ત દુનિયાનો વ્યવહાર જાળવવા ગુરૂપાસે જાય છે અને ત્યાં જઇને પણ પોતાના આત્માનું હિત થાય એવું કંઇ પણ પુ-છતા નથી. કેટલાક તો સ્વાર્થ સાધવા માટે ગુરૂની પાસે જાય છે, કેટલાક તો ગુરૂના કરતાં પણ પોતાને વધારે ડાહ્યા માને છે. એ તાદૃક મનુષ્યો પાસે જઇ જે લાભ મેળવવાનો હોય છે તે મેળવી શકતા નથી—

શ્રીસદ્દગુરૂ પાસેથી તત્ત્વજ્ઞાન મેળવી પ્રથમ તો નીતિના માર્ગે ચાલવું જોઇએ, નીતિના માર્ગે ચાલનારાઓ પ્રાચીન કાલમાં ઘણા ફતેહમંદ થયા છે, તેના હજારો દૃષ્ટાંતો આપણે વાંચીએ છીએ. માટે શ્રેયસ્સાધકોએ પ્રથમ તો નીતિના માર્ગે ચાલવું.

આપણે દરેક કાર્ય કરતી વખતે શ્રીસદ્દગુરૂ તથા ઇષ્ટદેવનું સ્મરણ ક-રવું જોઇએ.

શ્રીસદ્દગુરૂ પાસેથી જ્ઞાન મેળવી આત્માની ઉન્નતિ કરવા અશુદ્ધ વિ-ચારોને મનમાં પ્રગટ થતા વારવા જોઇએ, આત્માની ઉચ્ચ દશા માટે અનેક સદ્દગ્રંથોનું મનન કરવું આવશ્યક છે—

શ્રીસદ્દગુરૂએ આપેલા બોધનું પ્રસંગ મળતાં સ્મરણ કરવું જોઇએ. પરમ ઉપકારી સદ્દગુરૂવર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ એક અલખ ભજનમાં કહ્યું છે કે,

" વ્હાલા હરતાં ફરતાં બ્રહ્મસ્વરૂપને ધ્યાવજે રે,
ચેતન અન્તર ઘનમાં, શ્રદ્ધા સાચી લાવજે રે"

આ વાક્યનો જેટલો અર્થ વિચારીએ તેટલો નીકળે છે. આ વાક્ય કેટલી બધી આત્મતત્ત્વની જિજ્ઞાસા બતાવે છે. ખાતાં પીતાં પણ આત્મમાં

રાગદ્વેષથી ફસાઓ નહિ, એવી વૈરાગ્યભાવના-આત્મભાવના ધારણ કરો. આત્મમાંજ સાચું ધન છે, બાકી બાજીનું બધું જુઠું છે. આત્મધનની ખરી શ્રદ્ધા લાવજે એમ સાચી શ્રદ્ધા રાખ, એમ આત્માને અપૂર્વ હિતશિક્ષા આ પદથી મળે છે. મનુષ્યોએ કેવી રીતે આત્મહિત કરવું જોઇએ તે માટે સદ્‌ગુરૂવર્ય કહે છે કે—

" વિષયવિકારો દૂર હઠાવી, મનમાં અન્તર્યામી ભાવી,
ચેતન અનંત લક્ષ્મી, ક્ષાયિક ભાવે હાવજે રે. "

આ વાક્ય પણ આત્માની ઉન્નતિ માટે પુરતું છે. સર્વ સિદ્ધાંતો ડિંડિમ વગાડી કહે છે કે વિષયવિકારોને દૂર હઠાવી પરમાત્માને ભાવવા જોઇએ. જ્યારે ત્યારે પણ આ માર્ગ અંગીકાર કર્યા વિના મુક્તિ નથી. એમજ ગુરૂશ્રીનું વાક્ય જણાવે છે.

( અપૂર્ણ. )

---

# ' मैत्री. '

( લેખક. ભોગીલાલ મગનલાલ. શાહ. ગોધાવી. )

આ સંસારના અનેક વ્યવસાયોમાં મનુષ્યને સમવિષમ અનેક સંયોગોનો અનુભવ થાય છે. આ સંયોગોમાં તેને અન્યના અભિપ્રાય અને આશ્રયની જરૂર પડે છે. સુહૃદની સલાહ, વાર્તા, વિનોદ વગેરેથી મનુષ્ય પોતાના હૃદયનો ભાર ઓછો કરી શકે છે, પરંતુ આ અભિપ્રાય અને આશ્રય સર્વે મનુષ્યોને સર્વ સ્થળે પ્રાપ્ત થઇ શકતો નથી. શુદ્ધ હૃદયવાળા પ્રેમીજનોજ પ્રેમ રાખી શકે છે. સ્વાર્થી અને લોભી મનુષ્યો પ્રેમ ધારણ કરી શકતા નથી. જ્યારે સુહૃદને માટે મનુષ્યનું હૃદય પ્રેમથી દ્રવિત થાય છે, તેના હૃદયમાં પ્રેમની ઉર્મિઓ-લાગણીઓ ઉદ્‌ભવે છે ત્યારેજ ખરો સ્નેહ જામી શકે છે, આવા મિત્રોમાં દયા-પ્રેમની લાગણી હોવાથી તેઓ પ્રિતીને પાત્ર બને છે. એકંદરે વ્યાવહારિક દૃષ્ટિએ આ સંસારમાં પ્રયાણ કરનારા મનુષ્યોને મિત્રો હોવાની જરૂર છે. જેને મિત્ર હોતો નથી. તે વાડ વિનાના વેલાની માફક નિરાધાર રહે છે. મિત્ર આપત્તિના સમયમાં મનુષ્યને આધારભૂત થઇ પડે છે. વ્યવહારમાં ઘણું ખરૂં મનુષ્ય ભાગ્યેજ એવી સ્થિતિ અને સંયોગોમાં હોય છે કે તેને અન્યના આશ્રયની જરૂર ન રહે. બલ્કે ઘણા પ્રસંગોમાં મનુષ્યને અન્યના આશ્રયની અપેક્ષા રહે છે.

**अपि संपूर्णता युक्तैः कर्त्तव्या सुहृदो बुधैः ।**
**नदीशः परिपूर्णोऽपि चंद्रोदय मपेक्षते ॥**

"જેનામાં કોઇ પણ પ્રકારની ન્યૂનતા નથી એવા પરંતુ શાણા માણસોએ મિત્રો કરવા એ આવશ્યક છે જેમકે નદીનો સ્વામિ સમુદ્ર પરિપૂર્ણ છે તોપણ ચંદ્રોદયની અપેક્ષા રાખે છે."

એકંદરે મનુષ્યની સ્થિતિનો વિચાર કરતાં એ સહજ સમજાય છે કે તેને જીવનના વ્યવહારમાં અન્યના આશ્રયવિના ચાલતું નથી. જેમ જંગલમાં એકલું ઉગેલું વૃક્ષ જો કે મોટું બળવાન અને ઉંડાં મૂળવાળું હોય તોપણ તોફાની પવનથી તુટી પડે છે, એથી ઉલટું પાસે પાસે ઉગેલાં વૃક્ષોથી ઝાડનો જત્થો થાય છે, જે પરસ્પર આશ્રય આપી તોફાની પવન સામે પણ ટક્કર ઝીલી શકે છે અને નિરંતર લીલાં રહી શકે છે; તેમ જે મનુષ્ય એકલો રહે છે તે ગમે તેટલો બહાદુર અને ડાહ્યો હોય, તોપણ બળવાન સહાયકોની મદદ વિના સત્વર શત્રુઓના હાથમાં ફસાય છે, એથી ઉલટું જેને સાચા મિત્રો હોય છે તે હમેશાં આનંદી રહે છે; કારણ કે તેને તેના મિત્રો આપત્તિના સમયે સહાય કરે છે. સન્મિત્રોના સમાગમથી આ સંસારની મુસાફરી સુગમ થાય છે. સન્મિત્રો પોતાની શક્તિના પ્રમાણમાં વ્યાપાર ઉદ્યોગમાં પણ પોતાના મિત્રોને સહાય કરે છે.

**शूरं कृतज्ञं दृढ सौहृदंच ।**
**लक्ष्मीः स्वयं याति निवास हेतोः ॥**

"જે બહાદુર, ગુણની કદર કરનાર, અને દૃઢ મિત્રોવાળો હોય છે તેને લક્ષ્મી સ્વયમેવ આવી મળે છે." કહ્યું છે કે—

**मित्रवान्साधयत्यर्थान दुःसाध्यानपि वैयतः ।**
**तस्मा न्मित्राणि कुर्वीत समानान्येव चात्मनः ॥**

'મિત્રવાળા મનુષ્યો દુર્લભ એવા પોતાના હેતુઓને પણ સાધી શકે છે, માટે પોતાને સમાન હોય એવા મનુષ્યોની મિત્રતા કરવી જોઇએ."

સમાન વયના મનુષ્યો સંકોચવિના પોતાની ઉર્મિઓ—હૃદયની લાગણીઓ પરસ્પર દર્શાવી શકે છે. વીશ વર્ષનો યુવક પોતાની લાગણીઓ ૫૦ કે ૬૦ વર્ષના વૃદ્ધને જણાવી શકતો નથી. આથી સ્પષ્ટ થાય છે કે વયની અસાધારણ અસમાનતા મૈત્રિમાં પ્રતિબંધક થઇ પડે છે.

એજ પ્રમાણે દ્રવ્ય, કુળ, જ્ઞાતિ આદિની સમાનતા હોય ત્યાં મૈત્રીભાવ વિશેષ જામી શકે છે. દરેક જ્ઞાતિ અને કુળને લગતા રીત રિવાજ હોય છે. એક જ જ્ઞાતિમાં અને કુળમાં રીતરિવાજની અસમાનતા હોતી નથી. જુદી જુદી જ્ઞાતિમાં રીતરિવાજ વિરૂદ્ધ પડવાથી વિચારો સરખા રહી શકતા નથી. કહ્યું છે કે—

**ययोरेव समंवित्तं ययोरेव समं कुलम् ।**

**तयो मैत्री विवाहश्च नतुपुष्ट त्रिपुष्टयोः ॥**

'જે બે ધનમાં સમાન છે અને કુળમાં પણ સમાન છે તે બેની મધ્યે મિત્રતા વા વિવાહ થાય તો યોગ્ય ગણાય, પરંતુ કોઇ ધનથી વા કુળથી મોટો હોય અને બીજો તેના કરતાં ન્યૂન હોય તો તે બેની જોડી બનતી નથી."

કુળ—જ્ઞાતિ તેમજ ધંધામાં પણ સમાનતા હોય તો તે બહુ લાભદાયક થાય છે. પરસ્પર પોતાના અનુભવ અને જ્ઞાનની આપ લે કરી શકાય છે અને તેથી ઉભયને લાભ થાય છે. ગાંધીને કાપડીઆની કે ચોકસીની સાથે ગોષ્ઠીથી આનંદ પ્રાપ્ત થતો નથી સમાન ઉદ્યોગવાળા મનુષ્યોના સહવાસમાંજ મનુષ્યને આનંદ પડે છે.

મિત્રો આ દુનીઆમાં ઘણા મળે છે, પરંતુ સાચો મિત્ર વ્યાવહારિક નીતિએ પણ જવલ્લેજ મળે છે. કહ્યું છે કે:—

"સજ્જન મિલાપી બ્હોત હૈં, તાલીમિત્ર અનેક;
જેને દીઠે દીલ ઠરે, સો લાખનમેં એક."

જે મિત્રને મળવાથી મનમાં આનંદ થાય તેવો મિત્ર લાખમાં એકજ હોય છે. મનુષ્યે મિત્રપરીક્ષા કરવામાં ખાસ કાળજી રાખવી જોઇએ. દુષ્ટ મનુષ્યની સોબતથી અનેક દુર્ગુણો પ્રવેશ કરે છે. મતિ ભ્રષ્ટ થાય છે. અનેક વ્યસનમાં મનુષ્ય ફસાય છે અને દુઃખી થાય છે.

**हियते हि मतिस्तात हीनैस्सह समागमात् ।**

**समैश्च समता मेति विशिष्टैश्च विशिष्ठताम् ॥**

'હીણાનો સંગ કરવાથી મતિ ભ્રષ્ટ થાય છે. સમાન ગુણવાળા મનુષ્યના સમાગમથી મતિ સમાન થાય છે અને ઉત્તમ મનુષ્યના સહવાસથી મનુષ્યની મતિ ઉત્તમ થાય છે." શ્રીમદ્યશોવિજયજીએ કહ્યું છે કે:—

હીણા તણો જે સંગ ન તજે, શુદ્ધ બુદ્ધિ તસ નવિ રહે;
જ્યું જલધિ જલમેં ભળ્યું ગંગા, ક્ષારનીરપણું લહે.

જેમ સમુદ્રના ખારા પાણીમાં ભળેલું ગંગાજળ પણ ખારૂં પાણી ગણાય છે. તેમ દુષ્ટ મનુષ્યના પરિચયનો જે મનુષ્ય પરિત્યાગ કરતો નથી તેની શુદ્ધ બુદ્ધિ હોય તોપણ તે ભ્રષ્ટ થાય છે.

“ कुसंगा संग दोषेण साधवो यांति विक्रियाम् ।
एक रात्रि प्रसंगेन काष्ट घंटा विडम्बनम् ॥ ”

“ નીચ મનુષ્યનોસંગ કરવાથી સાધુ—સારા મનુષ્યોને પણ દુઃખ થાય છે, જેમ ગાયે ફક્ત એકરાત્રિ માટે ગધેડાની સોબત કરી તો ગળામાં ‘ડેરા’ ( લાકડાના ઘંટ ) રૂપી બંધન સહન કરવું પડ્યું.

‘ શઠની સંગતથી સહે ભલાજનો દુઃખભાર ”

શઠ—દુરાચારી મનુષ્યોના સહવાસથી સારા મનુષ્યોને અનેક કષ્ટો સહન કરવાં પડે છે. બંધીખાને પડવું પડે છે. વ્યસન, દુરાચાર દુર્બુદ્ધિ આદિને લીધે તે નિરૂદ્યમી અને સુસ્ત બને છે અને આખરે તેનું અધઃપતન થાય છે. કહ્યું છે કે—

“ दुर्जनेन समं सख्यं प्रीतिं चापि न कारयेत् ।
उष्णो दहति चाङ्गारः शितो कृष्णायते करम् ॥

દુષ્ટ પુરૂષોને અંગારાની ઉપમા આપી છે. જેમ અંગારો ઉન્હો હોય તો બાળે છે અને ટાઢો હોય તો હાથ કાળા કરે છે તેમ દુષ્ટ પુરૂષો ગમે તેવી સ્થિતિમાં હોય પણ એકંદરે તેમનો સહવાસ, વિનાશનુંજ કારણ થાય છે.”

દુષ્ટ મિત્રોનો પ્રેમ લોભને લીધે હોવાથી ક્ષણિક હોય છે. તેઓ કાંઇપણ લાલચથી પ્રીતિ રાખે છે અને સ્વાર્થ સધાતાં સત્વર મિત્રનો ત્યાગ કરે છે. આવા સ્વાર્થી મિત્રોથી મનુષ્યોએ સાવચેત રહેવું જોઇએ. તેઓ પોતાનો સ્વાર્થ સાધવા માટે મિત્રોની વાહવાહ બોલે છે. તેમના દુર્ગુણોને ગુણો કહીને તેમની પ્રશંસા કરે છે. અસત્યને સત્યતરીકે વર્ણવે છે. સત્યને અસત્ય કહી મીઠું મીઠું બોલી મિત્રોને વહાલા થાય છે. આવા મિત્રો આખરે પોતાનો સ્વાર્થ સાધી મિત્રની આપત્તિના સમયે તેને તજે છે. દલપત્તરામ કહે છે કેઃ—

કૃતઘ્નીને આપીયું, ખાય ત્યાં લગી પ્રીત;
ખાતાં સુધી ભસે નહિ, શ્વાન તણી એ રીત.

એવા મિત્રો કૃતઘ્ની થાય છે અને સ્વાર્થ સર્યો કેડે મિત્રોનું બુરૂં બોલવામાં પણ તત્પર બને છે. આથીજ મિત્રની યોગ્યતાનો વિચાર કરવાની ખાસ જરૂર છે. એવા મિત્રો શત્રુ કરતાં પણ વિશેષ નુકસાનકારક થાય છે.

શત્રુથી તે મનુષ્ય વાકેફ રહે છે; પરંતુ મિત્રતાના ડોળથી તે ઠગાય છે. ઘણા મનુષ્યો શ્રીમાનોની મૈત્રી કરે છે તેમનો હેતુ સ્વાર્થી હોય છે. એકંદરે શ્રીમાનોમાંના કેટલાએક ખુશામતથી ઘણા ટેવાઈ ગયેલા હોય છે. તેઓના કાન મધુર–મિષ્ટ શબ્દોના શ્રવણને એવા ટેવાયેલા હોય છે કે તેઓ જલદી હાજી હા કહેનારાઓને ભોગ થઈ પડે છે. જેમ મૃગ મુરલીના સ્વરથી મૃત્યુના પાસમાં ફસાય છે તેમ તેઓ મિષ્ટ શબ્દોની વાસનાથી મોહ પામી દુઃખી થાય છે. અપક્વ બુદ્ધિ અને અર્ધ વિકસિત ચારિત્ર્યના યોગે સત્યાસત્યનો વિવેક તેમને સમજાતો નથી. મોટપણે પણ તેમને સ્વાભાવિક રીતે પોતાને પ્રિય હોય તેવી વસ્તુઓમાંજ તેમને પ્રીતિ થાય છે. પોતાના વિચારથી ઉલટા વિચારો ગ્રહણ કરવામાં તેમને કંટાળો આવે છે અને કલેશ થાય છે. આથી પોતાના જેવા વિચારવાળા મનુષ્યો પરજ તેમનો સ્વાભાવિક અનુરાગ થાય છે. આથી તેઓ ક્રમશઃ અધોગતિના માર્ગે પ્રયાણ કરે છે. સ્વાર્થ સાધવાના હેતુથી બાંધેલો પ્રેમ મિત્રતાના હેતુનો નાશ કરે છે. મિત્રતા સ્વાર્થ સાધવામાં પરોક્ષરીતે ઉપયોગી થઇ પડે છે. મનુષ્યે નિષ્કામ વૃત્તિથી પ્રેમ ધારણ કરવો જોઇએ. પ્રેમ ધારણ કરનારનો હેતુ મિત્રને માટે પ્રેમી લાગણી રાખવાનો છે. જેવો સ્વાર્થ તેને છે તેવો મિત્રને પણ હોય છે; તેથી જો તે પોતાનો સ્વાર્થ સાધવામાં મિત્રના સ્વાર્થને નુકશાન કરે તો તેથી તેનામાં મિત્ર પ્રત્યેનો પ્રેમ સિદ્ધ થતો નથી. મિત્રે તેના સુહૃદને મદદ કરવી જોઇએ એ તેનો ધર્મ છે, તેનો સ્વીકાર કેટલેઅંશે કરવો એ તેના સુહૃદે બુદ્ધિથી વિચારવું જોઇએ. મિત્રોએ પોતાના સ્વાર્થની બાબતમાં લોભી અને આપ મતલબી ન થવું જોઇએ; કારણકે તેથી બન્નેના સ્વાર્થને પ્રતિબંધ નડે છે અને પ્રીતિ ઘટે છે. મિત્રતા ધારણ કરનારે જેમ નિષ્કામવૃત્તિ ધારણ કરવી જોઇએ તેમ અણીના પ્રસંગે મિત્રને આશ્રય આપવાના પોતાના ધર્મનો લોપ ન કરવો જોઇએ. સન્મિત્ર પોતાના સુહૃદનું દુઃખ સ્વયમેવ જાણી જાય છે, સુહૃદને તે દુઃખ કહેવું પડતું નથી; એથી ઉલટું સન્મિત્ર અતિકષ્ટ છતાં પોતાનું દુઃખ મિત્રને જણાવતો નથી. તે પોતાના કરતાં પણ મિત્રની વિશેષ કાળજી રાખે છે. તે જાણે છે કે નાહક મિત્રને પોતાના દુઃખનો ભાગીદાર કરવો એ યુક્ત નથી. અત્ર આદર્શરૂપ—સરસ્વતિચંદ્ર અને ચંદ્રકાન્તની મિત્રતાનો ખ્યાલ વાચકોને ઉપયોગી થઇ પડશે.

સરસ્વતિચંદ્ર પોતાના મિત્રની દુઃખી સ્થિતિ જોઇ દીલગીર થાય છે, અને જે ઉદ્ગાર કાઢે છે તે દરેક સન્મિત્રે મનન કરવા યોગ્ય છે તે ચંદ્રકાન્તને પત્રમાં લખે છે કેઃ—

"પ્રિયચંદ્રકાંત, પ્રિયભ્રાત, તુજ સંસાર દુઃખમય ભાસે,
મ્હારી આજજ ઉઘડી આંખ, જુવે છે દુઃખતુજ મુજ પાસે:
દુઃખ દૈત્ય સમું દેખાય,
તુજ કોરી કાળજું ખાય;
દુઃખ અનેક ધરતું વેશ,
ત્હને વીંટી વળે ચોમેર;
તે મધ્યે ઉભો તું શૂર,
નથી દુઃખને ગણતો શૂર;
નથી ગણતો વિધિનો દોષ,
નથી ધરતો કોઇપર રોષ;

*    *    *    *    *

ધન બિંદુ કાજ તપ કરતો,
દાન આપું તો ન કર ધરતો;

*    *    *    *    *

તુજ કુટુમ્બ કૃમિનું જાળ,
ધર તું તુજ દુઃખનું ન ભાન;
કરતું કોલાહલ નાદ,
દેતું ન સ્વસ્થતા દાન;

*    *    *    *    *

નથી મ્હને મર્મ આ કહે તો,
અંત ત્રેણુ અંતર રહે તો,
ધિક ધરતો હું અવતાર, ધિક ભંડાર ભર્યા ધનના મ્હેં !
ધિક કીધ સાહસથી ત્યાગ, ધિક ન રંકતા જોઇ ત્હારી મ્હેં !

*    *    *    *    *

ઓ ભાઇ ! ભાઇ ! મુજ ભાઇ ! દુઃખ તુજ જોઇ હ્રદય મુજ ફાટે,
હુંથી થતો સુહ્રદનો દ્રોહ, દેશનો દ્રોહ, જોઈ રહું આતે !

*    *    *    *    *

મુજ છેજ લક્ષ્મી આસન્ન,
છે સરસ્વતિ સુપ્રસન્નઃ
નથી ત્હોય કર્યો વિચાર,
હજી સુધી તો મનની માંહ્ય !
જગ જોવા ગૃહ તજી આવ્યો,

પ્રિય સુહૃદ ન પણ પરખાયો,
તુજ દૃષ્ટિ આગળ ચાલે;
ન નિકટ—નહિ અંતર ભાળે !

પ્રિય મિત્ર મર્મને જોયું હ્રદય મુજ રોયું, સ્વપ્ન ધરી જાગ્યો !

પ્રિય મિત્ર ! તુજ સંતાપ સમજજે હવે ઘડીમાં ભાગ્યો !

" સરસ્વતિચંદ્ર પોતાના મિત્ર ચંદ્રકાન્તની દુઃખી સ્થિતિ જોઈ દીલગીર થાય છે. તે કહે છે કે ' હે ભાઇ ચંદ્રકાંત ! તારો સંસાર મને બહુ દુઃખમય જણાય છે. રે ! આજેજ હું તારૂં દુઃખ જાણી શક્યો ! દૈત્યની સમાન તારી દુઃખી સ્થિતિ તને દુભવે છે અને તારા કાળજાને કાપે છે ! રે ! તે દુઃખ અનેકરૂપે તારી આસપાસ વિંટાઈ રહ્યું છે; પરંતુ તું વીર પુરૂષની માફક તેની મધ્યે નિડર ઉભો રહી તેને લેશ માત્ર પણ દરકાર કરતો નથી. દુઃખ માટે નશીબનો દોષ કહાડતો નથી તેમ કોઇના પર ક્રોધ પણ આણતો નથી, તું કષ્ટ સહન કરી, ધન મેળવવા મથે છે છતાં હું તને ધન આપું તો તું લેતો નથી. રે ! તારૂં કુટુમ્બ કૃમિના જાળાની માફક તને કલેષ આપે છે તે તારા દુઃખનો લેશ પણ વિચાર કરતું નથી. તે નિરંતર કલેષ કરી બુમો પાડે છે અને તને જરા પણ આનંદ—શાન્તિ અનુભવવા દેતું નથી. આ દુઃખ છતાં હે મિત્ર ! તું મને તારૂં આ દુઃખ જણાવતો નથી અને હ્રદયની પીડા હ્રદયમાંજ સમાવે છે. ( અત્ર ચંદ્રકાન્તના ઉત્તમ પ્રેમનું દર્શન થાય છે, ) ( હવે સરસ્વતિચંદ્રનો મિત્રધર્મ પ્રકટ થાય છે ) તે કહે છે કે જ્યારે હે મિત્ર તું દુઃખી છે અને તે છતાં હું તને મદદ નથી કરતો તો આ મારા જન્મને ધીક્કાર છે. રે ! મારા દ્રવ્યનિધિને પણ ધીક્કાર છે. રે ! મારી કેટલી ભુલ થઇ કે મેં તેનો અવિચારે ત્યાગ કર્યો. પરંતુ તે ત્યાગ કરતા પહેલાં હું તારી રંક અવસ્થા પણ જાણી ન શક્યો ! રે ભાઇ ! હવે તારૂં દુઃખ સાંભળી આ મ્હારૂં હ્રદય ફાટે છે. રે ! મારાથી આ પ્રમાણે મિત્રનો દ્રોહ રે ! તેથીજ દેશનો જે દ્રોહ થાય છે તે હું આજે નિરૂપાય બની જોઈ રહું છું !

રે ! મ્હારે લક્ષ્મી દેવી સંતુષ્ટ છે, વળી સરસ્વતિની પણ મ્હેર છે, તોપણ મ્હેં તારા દુઃખનો અદ્યાપિપર્યંત વિચાર કર્યો નથી. રે ! મારી કેવી ભૂલ થઇ છે કે ગૃહ તજીને હું દુનીઆં જોવા આવ્યો પણ પ્રિયમિત્રની સ્થિતિ પણ હું જાણી શક્યો નહિ ! હું જ્યારે આગળ દૃષ્ટિ દોડાવું છું, ત્યારે મારી સમીપની બાબતો જોવામાં પણ નિષ્ફળ બન્યો છું. પરંતુ રે પ્રિયમિત્ર ! હવે તારા હ્રદયના ભાવોને મેં જાણ્યા છે. તે જાણી હું બહુ ખીન્ન

થયો છું. રે! હું સુષુપ્તિમાંથી જાગૃત અવસ્થામાં આવ્યો છું! રે મિત્ર! હવે તું સમજને કે તારૂં દુઃખ બહુ સમય સુધી રહેશે નહિ!"

આવા સજ્જન પુરૂષોનો સમાગમ બહુ દુર્લભ છે. આવું મિત્ર રત્ન આ સંસારમાં મળવું મુશ્કેલ છે, દલપત્તરામ કહે છે કે:—

"તરૂવરનો નહિ ત્યાગ, ભાગ્યથી સુરતરૂ ભેટે;
હીરા મળે હજાર, કોહીનુર એકજ છેટે,
બગલાં આણુકોડ, હંસતો ન મળે હળવો;
સમળાં સંખ્યા હજાર, ગરૂડ મહિમા કયાં મળવો,
જનતો બહુ જડશે જગતમાં, તન તાપ તેથી નહિ ટળે;
દિલસત્યપણે દલપત કહે, મહા ભાગ્ય સજ્જન મળે, "

જેમ વૃક્ષો તો ઘણાં છે, પણ કોઇ ભાગ્યશાળી મનુષ્યનેજ કલ્પવૃક્ષ મળે છે; હીરા હજારો હોય છે પણ કોહીનુર જેમ બહુ દુર્લભ છે; બગલાંની સંખ્યા ઘણી છે, પણ હંસ પાળવો જેમ બહુ કઠિન છે; હજારો સમડીઓ ઉડે છે પણ ગરૂડપક્ષી જણાતું નથી. તેમ દલપત્તરામ કવિ સાચું કહે છે કે-

સજ્જન પુરૂષોનો સમાગમ તો કોઇ ભાગ્યશાળી મનુષ્યનેજ થાય છે. સજ્જ-નોનો સમાગમ આ દુનીઆમાં બહુ દુર્લભ છે. સદ્ગુણી પુરૂષોના સમાગમથી મનુષ્યોમાં અનેક સદ્ગુણ આવે છે. શ્રીમચ્ચિદાનંદજી મહારાજ કહે છે કે:—

**કવિત.**

"ફુલકે સંગ ફુલેલ ભયો તિલ, તેલ તે તો સદ્ કો મન ભાવે;
પારસ કે પરસંગથી દેખીએ, લોહાજયું કંચન હોય બિકાવે,
ગંગા મેં જાય મિલ્યો સરિતાજળ, તેઉ મહાજળ ઉપમા પાવે;
સંગતકો ફળ દેખ ચિદાનંદ, નીચ પદારથ ઉત્તમ કહાવે. "

'ફુલના સંગથી ફુલેલ તેલ બને છે. સ્પર્શમણિના સંગથી લોઢું પણ સુવર્ણ બને છે. નદીનું જળ ગંગા નદીમાં ભળે છે તેથી ઉત્તમ જળ ગણાય છે;—ચિદાનંદજી મહારાજ કહે છે કે સત્સંગતિનું ફળ એવું છે કે નીચ પણ ઉચ્ચતાને પામે છે."

**કવિત.**

"નલિની દલમેં જલબુંદ તો, મુગતાફળ કેરી જો ઉપમા પાવે;
મલયાગર સંગપલાસતરૂ જેસા, તાહુમેં ચંદનતા ગુન આવે,
સુગંધ સંજોગ થકી મૃગકો મદ, ઉત્તમ લોક સદ્ મિલ ખાવે;
સંગતકો ફલ દેખ ચિદાનંદ, નીચ પદારથ ઉત્તમ કહાવે. "

" પદ્મિની—પોયણીની પાંદડીના જથામાં પડેલું જલનું ટીપું મોતીની ઉપમા પામે છે. ચંદનના વૃક્ષની સમીપમાં આવેલાં પલાસ—ખાખરાના વૃક્ષમાં પણ ચંદનની વાસ આવે છે. મૃગનીનાભિના પરસેવાની સુગંધીને કસ્તુરી ગણી લોકો તેનો ઉપયોગ કરે છે. ચિદાનંદજી મહારાજ કહે છે કે સત્સંગનું ફળ એવું છે કે નીચ મનુષ્ય પણ ઉત્તમ બને છે." સત્પુરૂષોનો સમાગમ સ્પર્શમણી સમાન છે. ડાહ્યા મનુષ્યોએ કુળવાન સાથે સંબંધ-પંડિતોની મિત્રતા અને જ્ઞાતિજનો સાથે મેળ રાખવો જોઇએ. કહ્યું છે કે,

" कुलीनैः सहसंपर्कं पंडीतैः सहमित्रताम् ।
ज्ञातिभिश्च समं मेलं कुर्वाणोना वसीदति ।। "

આવા પ્રકારનો સંબંધ રાખે છે તે નાશ પામતો નથી. પ્રો. જેરેમીટેઇલર કહે છે કેઃ—

A good man is the best friend, & therefore soonest to be chosen; longer to be retained; & indeed never to be parted with, unless he ceases to be that for which he was chosen. Jeremny Taylor.

સારો—માણસ—સારા આચરણવાળો માણસ એ ઉત્તમ મિત્ર છે; તેથી તેની પસંદગી પ્રથમ કરવી જોઇએ, અને તેનો સહવાસ દીર્ઘકાળ સુધી રાખવો જોઇએ. પણ જે સદ્ગુણોને માટે તેને પસંદ કરવામાં આવ્યો હોય તે તેનામાં નિર્મૂળ ન થાય તો તે મિત્રની મિત્રતા કદી તજવી જોઇએ નહિ. સદ્ગુણી પુરૂષોની મિત્રતાથી બુદ્ધિ નિર્મળ થાય છે. વર્ત્તન ઉત્તમ બને છે. કીર્તિ વધે છે અને અનેક ફાયદા થાય છે, સત્સંગતિથી ઇચ્છેલી વસ્તુ પ્રાપ્ત કરવામાં સહાયતા મળે છે. કહ્યું છે કેઃ—

" जाडयं धीयो हरति सिञ्चतिवाचिसत्यं
मानोन्नतिं पाप मया करोति ।
चेतः प्रसादयति दिक्षुत नोति कीर्तिं
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ।।

" સત્સંગતિ બુદ્ધિની જડતાને દૂર કરે છે, વાણીમાં સત્ય રેડે છે. હૃદયને આનંદ આપે છે; કીર્તિને વિસ્તારે છે. કહો કે સત્સંગતિ પુરૂષોને શું નથી આપતી.

સંપૂર્ણ.

# જૈનધર્મ બૌધધર્મની શાખા છે ?

( વેલચંદ ઉમેદચંદ મહેતા, હાઈકોર્ટ પ્લીડર. )

કેટલાક લોકો હજુ સુધી માને છે કે જૈનધર્મ બૌધધર્મની શાખા છે. કેટલાક યુરોપીયન વિદ્વાનોને જૈનધર્મના મુળતત્વો બૌધધર્મને મળતા લાગ્યા. તેથી ઉંડા નહિ ઉતરતાં તેઓ માનવા લાગ્યા કે જૈનધર્મ બૌધમાંથી નીકળ્યો છે. ઇતિહાસ-કર્ત્તાઓ તેમના મત પ્રમાણે લખવા લાગ્યા અને છેવટે સાધારણ માનતા થઈ કે જૈનધર્મ બૌધની શાખા છે. પછી ડૉ. જેકોબીએ શોધ કરી બતાવી આપ્યું કે જૈનધર્મ બૌધથી પૂરાતન છે. સને ૧૮૮૪ થી ૧૮૯૪ સુધીમાં તેણે છપાવેલ +"પૂર્વનાં પવિત્ર પુસ્તકો" ના ૨૨ તથા ૪૫ ના પુસ્તકોમાં તેણે ઐતિહાસીક રીતે સાબીત કરી આપ્યું છે કે જૈનધર્મ બૌધથી જુનો છે, અને એક ધર્મે બીજામાંથી કંઈ ગ્રહણ કર્યું હોય તો બૌધે જૈનમાંથી ગ્રહણ કર્યું છે. જૈને બૌધમાંથી નહિ.

પ્રો. જૅકોબીએ તે માટે જે પૂરાવો એકઠો કર્યો છે તેનો સારાંશ નીચે મુજબ છે. પુરેપુરી વાકેફગારી માટે તે પુસ્તકોની ઉપોદ્ઘાત વાંચવા જીજ્ઞાસુને ભલામણ કરૂં છું.

(૧) બૌધના જૂના પુસ્તકોમાં સારી રીતે જાણીતા, અને સર્વ માન્ય જૈનના મૂળતત્વો સંબંધી લખાણ જોવામાં આવે છે. તેનાં દ્રષ્ટાંત નીચે મુજબ છે.

(અ) દિઘનિકાયાના બ્રહ્મ જાળ સુત્રમાં જળકાય સંબંધી વિવેચન છે.

(બ) આત્માને રંગ છે તે અજિવક મૂળતત્વને જૈનો અંગીકાર કરતા નથી તે સંબંધી તેમાં લખાણ છે.

(ક) તેજનિકાયાના સમનફલ સુત્રમાં પાર્શ્વનાથજીના ચાર વ્રત સંબંધી લખાણ છે. આ લખાણ ઘણું ઉપયોગી છે. કારણ શ્રી પાર્શ્વનાથના વખતના જૈન સિદ્ધાંતોની બૌધોને માહીતી હતી તેવું આનાથી સાબીત થાય છે.

(ડ) શરીરના કૃત્યથી પાપ વધારે કે મનના કૃત્યથી તે સંબંધી બુદ્ધ સાથે વાદ થતાં શ્રી મહાવીરના શ્રાવક ઉપાલીએ બૌધધર્મ સ્વિકાર્યો તેવું લખાણ મઝ્ઝીમ નિકાયામાં છે.

(ઇ) મન, વચન, અને કાયાના દંડના જૈન સિદ્ધાંત સંબંધી તેમાં લખેલું છે.

---

+ Sacred Books of the east.

(એક) તપશ્ચર્યાથી નવા અને જુના કર્મ ખપાવી શકાય છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે તે જૈન સિદ્ધાંત વિષે વેસાલીના અભયકુમાર ઇશારો કરે છે ? ( અંગુત્તર નિકાયા. )

(એચ) તેજ નિકાયામાં દિગવૃત્તિ વ્રત અને ઉપોસ્થ ( પૌશા ) સંબંધી ઇશારો છે.

(આઇ) માહાવગ્ગમાં જણાવ્યું છે કે બિછવીસના સેનાપતિ શ્રી માહાવીરના શ્રાવકસિંહ આજ્ઞા વિરૂદ્ધ બુદ્ધ પાસે ગયા, બુદ્ધે તેમને અક્રિયાવાદ સમજાવ્યો. તેથી તેણે જૈનનો ક્રિયાવાદ સિદ્ધાંત ત્યાગ કર્યો અને બોધ અંગીકાર કર્યો.

(૨) જૈનની મહત્વતા અને તેનું પુરાતનપણું બોધના ગ્રંથોથી બીજી રીતે પણ સાબીત થાય છે.

(અ) જૈનોને ( નિગ્રંથોને ) તેમના પ્રતિસ્પર્ધિ તરીકે વર્ણવે છે અને કેટલાકોએ બોધધર્મ અંગીકાર કર્યો તેવું જણાવ્યું છે. પરંતુ એમ બતાવવામાં આવ્યું નથી કે જૈન નવો નીકળેલો છે. (બ) મુખ્ખલિ ગોસાળાએ મનુષ્ય જાતીના ૭ ભાગ પાડ્યા છે અને નિગ્રંથોને ત્રીજા વર્ગમાં મુકયા છે. જૈનોનો પંથ તે વખત નવો હોત તો મનુષ્ય વર્ગમાં ત્રીજી પંક્તિમાં તે મુકાત નહિ. સછકનો પિતા નિગંથ હતો, અને તે પોતે નિગંથ નહોતો તેની સાથે બુદ્ધને વાદ થયેલો છે. આથી ચોખ્ખી રીતે સાબીત થાય છે કે જૈન બુદ્ધની શાખા નહોતી.

( અપૂર્ણ. )

---

# वाचन ( Reading. )

( લેખક. શંકરલાલ ડાહ્યાભાઇ. કાપડીઆ. )

( અનુસંધાન અંક સાતમાના પાને ૨૨૨ થી. )

વાંચવાની અંદર કેટલાક બરોબર સાર સમજ્યા સિવાય ઘણી ઉતાવળ કરે છે ને પુસ્તકોનાં પુસ્તકો ગગડાવી જાય છે અને ઘણાં પુસ્તકો વાંચ્યાથી પોતાને વિદ્વાન મનાવે છે. કહેવતમાં કહ્યું છે કે " ઉતાવળે આંબા પાકતા નથી " માટે ઉતાવળથી બરોબર સમજ્યા વિના વાંચ્યાથી કંઇ જ્ઞાન થતું નથી દાખલા તરીકે, મિતાહાર ભોજન જમવાથી જેમ બરોબર પોષણ થાય છે ને અકરાંતીઉં ખાધાથી પોષણ થતું નથી ને વખતે અજીરણ થવાથી

મંદવાડ ખમવો પડે છે. તેમ વાંચન પણ વિચારપૂર્વક, શાંતિથી અને ધ્યાનપૂર્વક વાંચવાથી ફાયદો થાય છે.

વળી ઉતાવળથી વાંચનાર, લેખકનો આશય, તેની કૃતિ તથા વાંચનનું રહસ્ય પૂર્ણ સમજતો નથી.

કહેવતમાં કહ્યું છે કે " ઉતાવળા સો બાવરા ધીરા સો ગંભિર " માટે કોઇ કામમાં ઉતાવળ કરવી એ હિતાવહ નથી. ઉતાવળથી વાંચવાથી શ્રમ પણ ઘણો પડે છે તેમ છતાં તે શ્રમના પ્રમાણમાં લાભપ્રદ પણ થતું નથી.

ઉતાવળથી ઘણાં પુસ્તકો વાંચ્યા કરતાં ધીમે ધીમે સમજીને થોડાં પુસ્તકો વાંચવા એ વધારે સારૂં છે. કુદકા મારી મારીને દિવાલની ભીંતઉપર ચડવું ને પડવું તેના કરતાં તો ગોકળ ગાયની પેઠે ધીમે ધીમે ધારેલે નિશાને પહોંચવું એ ઉત્તમ છે.

બરોબર કાળજીપૂર્વક વાંચવાથી પ્રાહ્ય શું છે અને તાત્પર્ય શું છે તે સમજાય છે. બરોબર વાંચ્યાવિના વિદ્વતા પ્રાપ્ત થતી નથી. અધુરૂં વાંચવાથી તો વખતે " ભેંસની ગાય અને ગાયની ભેંસ " થઇ જાય છે. ગીતાને બદલે ચેતું થાય છે.

વળી કેટલાક અર્થની ગંભીરતા જાણ્યાવિના શાસ્ત્રોનાં શાસ્ત્રો મોંઢે પોપટની પેઠે ગોખી જાય છે પછી વિદ્વાનની પંક્તિનો ડોળ કરે છે, પરંતુ ખરા પંડિતો તો તેમને વેદીઆ ઢોરમાં ગણે છે. જ્યારે તેઓનું પોગળ પ્રકાશે છે ત્યારે તેઓ ઉપહાસને પાત્ર થાય છે. એક વખત બે ચાર વેદીઆ કોઇ ગામ પરગામ જતા હતા. તેઓએ એક ધર્મશાળામાં વાસ કર્યો હતો. પછી તે વેદીઆઓએ પોતાનામાંના એકને બજારમાં રૂપીઆનું ઘી લેવા મોકલ્યો. આ વેદીઓ જ્યારે ઘી લેઇને રસ્તામાં આવતો હતો ત્યારે તેના મનમાં તર્ક થયો કે **घृतस्य आधारम पात्रम् के पात्रस्य आधारम घृतम्** પાતરાના આધારે ઘી રહ્યું છે કે ઘીના આધારે પાતરૂ રહ્યું છે. આની ખરાખરીમાં હાથમાંથી તપેલી મુકી દીધી તેથી ઘી બધું ઢળી ગયું. જો કે આ દંત કથા છે કે ઐતિહાસિક તેનો અત્યારે નિર્ણય કરવાનો નથી પરંતુ કહેવાનો માત્ર આશય એટલોજ છે કે ભણ્યા પછી જે ગણતા નથી તેઓ આ રીતે ઉપહાસને પાત્ર થાય છે.

વાંચીને તેનો બરોબર અર્થ સમજવાથીજ યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે. " અધુરો ઘડો છલકાય વા ખાલી ચણો વાગે ઘણો " તેમ ઇંગ્રેજીમાં પણ કહ્યું છે કે " Little learning is a dangerous thing. "

માટે અધુરી કેળવણી થી કોઇ પણ જાતનો ફાયદો નથી જે કેવળ અજ્ઞાની છે તેને સમજુત કરી શકાય છે તેમજ જે જ્ઞાની છે તેમને તો ઝટ કરી શકાય છે પણ જે અર્ધદગ્ધ–અધુરી કેળવણીવાળો છે તેને સમજુત કરવો બહુ મુશ્કેલની વાત છે.

અધુરૂ જ્ઞાન કોઇ રીતે ફાયદો કર્તા નથી. અધુરા જ્ઞાનવાળો ઐહિક તેમજ આમુષ્મિક દુનિયાનું પોતાનું હિત બગાડે છે.

**અજ** શબ્દનો અર્થ એવો થાય છે કે જે જવ ફરીથી ઉગી શકે નહિ તેવા હોય તે જવને **અજ** કહેવાય છે માટે તેવા જવને યજ્ઞમાં હોમવા જોઇએ તેને બદલે **અજ** શબ્દનો અર્થ બકરો કરી કેટલાક વેદાંત સંપ્રદાયીઓ યજ્ઞમાં તેને હોમે છે ને પશુ વધ કરે છે આસું સુચવે છે? આનાથી અધુરા જ્ઞાનનો અક્કલનો નમુનો બીજો કયો હોઇ શકે. ખરેખર અધુરૂ જ્ઞાન એ બહુ અનર્થ સૂચક છે. વિરપરમાત્માની આજ્ઞાને કોરે મૂકી જે માન ખટાઉ સ્વયં પ્રતિષ્ટા વધારવાની ખાતર કપોલ કલ્પિત નવા નવા મતો–પંથો ઉત્પન્ન કરે છે તેનું કારણ પણ એજ માલુમ પડે છે. અધુરૂ જ્ઞાન એટલે થોડું ભણેલું એવો એનો અર્થ થતો નથી પરન્તુ વસ્તુને વસ્તુરૂપે નહિ ઓળખતાં તેમાં વિરોધાભાસ કરવો તે છે. અર્થાત્ તત્ વસ્તુને તત્ ભાવે નહિ ઓળખતાં તેને જુદા ભાવે જાણવી તે છે. અધુરો જ્ઞાની પોતે એકલો ભવસાગરમાં પડતો નથી પરંતુ બીજાને પણ સાથે ભવ કૂપમાં ડુબાડે છે. માટે તેવાનો સંગ કરવો એ પણ અનર્થ કારક છે. આત્મ હિત ઇચ્છનારે સારીરિક, માનસિક, અધ્યાત્મિક વગેરે દરેક વિષયોનું યથાર્થ જ્ઞાન સંપાદન કરવું અને તેને માટે ઇચ્છિત વિષયના ગ્રંથનું વાંચન પરિશીલન કરવું અને જે ગ્રંથ વાંચવામાં આવે તેનો વિષય, સબંધ, પ્રયોજન અને અધિકાર વગેરે સારી રીતે સમજવું જોઇએ.

કાર્યની સિદ્ધિ વાંચવાથી થઇ શકે છે. કારણ કે "Read and then succeed" વાંચો અને ફતેહમંદ થાઓ. એક કવિ વાંચનની અગત્ય વિષે એટલે સુધી વધીને કહે છે કે—

"A room without a book a body without a soul." પુસ્તક વિનાનો ઓરડો એ આત્મા વિનાના શરીરની માફક છે. અર્થાત્ તે જીવતો પ્રાણી નથી પણ મૃત છે આ યથાર્થ છે.

વાંચવાની અગત્યતા ઘણી છે કારણ કે તેથી કરી અનિવાર્ય આનંદ નિસ્પન્ન થાય છે, તેના જેવું બીજું આનંદનું સ્થળ અને પ્રમાદનું ધામ એ

કે નથી. વાંચનની અગત્યતા વિષે **મહર્ષિ મહાદેવ ગોવિંદ રાનડેના** નીચે આપેલા એક નાનકડા દૃષ્ટાંત ઉપરથી વ્હાલા વાચકવૃંદને ઘડો લેવાનું થશે. ફિનૅન્સ કમિટિના મેમ્બર તરીકે, ફરતાં ફરતાં, **રાનડે સાહેબ કલકત્તે** ગયા, ત્યાં તેઓએ એક બંગલો ભાડે રાખ્યો હતો. તે બંગલો વિશાળ પણ ઉજ્જડ હતો. ત્યાં પોતે પત્ની સાથે રહ્યા હતા. એક દિવસ સાંજે ઘેર આવ્યા ત્યારે એમના હમેશના રીવાજ મુજબ તેમની ધર્મપત્ની **શ્રીમતી રમાબાઈને** પુછ્યું, કેમ, આજ શું કર્યું? **શ્રીમતી રમાબાઇના** પિતા થોડા વખતપર ગુજરી ગયા હતા તેથી એમનું મન જરા શોકમાં હતું અને વિશેષમાં ઉજ્જડ બંગલામાં તેમને ગમતું પણ નહોતું તેથી કંટાળીને તેમણે ઉત્તર આપ્યો. આજ તો કાંઇજ કર્યું નથી. શું કરાય? એક તો જગ્યા નવી, કોઇનું ઓળખાણ નહીં, અને બંગલો પણ એવો મળ્યો છે કે કૅમ્પાઉંડમાં એક ફૂલ, ઝાડ કે વેલો સરખો નથી. આ સાંભળી પોતે શાંતપણે ઉત્તર દીધો: "**વાંચવા જેવું સાધન જેની પાસે હોય તેણે આવી ફરીયાદી કરવી ન જોઇએ. વાંચવા જેવું આનંદ અને શાંતિ આપનારૂં બીજું કાંઇ નથી. એક જાતનું પુસ્તક વાંચતાં કંટાળો આવ્યો તો બીજી જાતનું લઇએ.** આથી વાંચકવૃંદને વિશેષ ખાતરી થશે કે વાંચનમાંજ આનંદ સમાયલો છે, માટે જેમ બને તેમ વાંચનનો શોખ વધારવો. એજ લેખકના હૃદયની અભ્યર્થના છે.

**ૐ શ્રી ગુરુ.**

---

સુચનાઃ–અંક સાતમાના પાને ૨૨૩ અને ૨૨૪ મે નીચે પ્રમાણે સુધારીને વાંચવું.

| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૨૩ | ૧૭ | ચાલજો | ચલજો |
| ,, | ૨૨ | ગુણુથાણું | ગુણઠાણું |
| ,, | ૨૬ | પરસુદાળ | પરપુદગળ |
| ,, | ૨૮ | રૂબ્યો | રૂળ્યો |
| ૨૨૪ | ૧ | કડખા | કડખા |
| ,, | ૨ | પેન્ચુલમ | પેન્ડયુલમ |
| ,, | ૬ | મુખડા યલ | મુખડાયલ |
| ,, | ૧૦ | ચો | ચઉ |

# અંગ્રેજી લેખનો સંક્ષિપ્ત સાર.

ઉપવાસ કરવાની શાસ્ત્રીય સમજણ ઉપલા અ ગ્રેજી પત્રમાં ડા. રામજીદાસ નાનજીએ આપેલી છે. તેનો ગુજરાતી સાર નીચે પ્રમાણે છેઃ—

ઉપવાસથી ઘણાં હઠીલાં દરદો મટાડવાની અજમાયશ અમેરિકાના વિદ્વાન ડાકટરો દશ વર્ષથી કરે છે, લાંબા વખત સુધી ઉપવાસ કરાવીને અસાધ્ય એટલે ન મટી શકે એવાં દરદોને મટાડવામાં તેઓ શક્તિમાન થયા છે.

માણસની અંદર એક સર્વશક્તિમાન સત્તા ( power ) નિરંતર કામ કરે છે. આ શક્તિ માણસના શરીરને તથા મન નવું બનાવે છે, કામ કરવાની શક્તિ વધારે છે, અને તન્દુરસ્તી તથા લાંબી જીંદગી બક્ષે છે. માણસની અંદર રહેલી સર્વશક્તિમાન સત્તા ત્રણ શક્તિવડે કામ કરે છે; તે નીચે પ્રમાણેઃ—

૧. **પહેલી શક્તિ–ખોરાક પચાવવો**—માણસ નિત્ય કામકાજ કરે છે તેથી શરીરને જે ઘસારો લાગે છે તે ઘસારાને પુરો કરવા સારૂ નવાં રજકણો ઉત્પન્ન કરવા માટે નવો પદાર્થ તૈયાર કરવો, એ આ શક્તિનું કામ છે.

૨. **બીજી શક્તિ–પાચનરસને શરીર રચનામાં મુકવો**—પાચનક્રિયાવડે જે પદાર્થ પુરો પડે તેમાંથી જોઇએ એટલો પદાર્થ શરીરની રચનામાં કામે લગાડવાની આ શક્તિ છે. શરીરમાં જુદા જુદા અવયવો અને સ્નાયુને ગતિમાં મુકનારી શક્તિ આ પોષક રસવડે ઘસારાથી નિરંતર નાશ પામતાં કાણાંઓને પાછાં નવાં બનાવે છે.

૩. **ત્રીજી શક્તિ–નિરૂપયોગી કચરાને બહાર કાઢવો**—ખોરાક, પાણી, તથા હવાદ્વારા તેમ જ શરીરના નબળા પડેલા ભાગોદ્વારા જે નકામો પદાર્થ શરીરમાં એકઠો થાય છે, તેને બહાર કાઢવાનું કામ આ શક્તિ કરે છે.

આ છેલ્લી ક્રિયા નિરૂપયોગી પદાર્થોને બહાર કાઢવાનું કામ બે રીતે કરે છે. ૧. જુનો એકઠો થએલો કચરો કાઢે છે અને ૨. નિત્યનો કચરો એટલે નિરૂપયોગી ભાગ, જેમકે ઝાડો, પીસાબ, પરસેવો વગેરે, પદાર્થોને બહાર કાઢે છે.

વધારે સ્પષ્ટ સમજવાને માટે એમ ધારો કે, નિરૂપયોગી કચરાને બહાર કાઢનારી આ શક્તિનો અરધો હીસ્સો એકઠા થયેલા જુના કચરાને બહાર કાઢવામાં વપરાય છે અને આ અરધો હીસ્સો નિત્યના કચરાને બહાર કાઢવામાં વપરાય છે.

( અપુર્ણ. )

# नीति विचार पुष्प.

( લેખક—શેઠ જેશંગભાઇ પ્રેમાભાઇ. કપડવણજ. )

"કોઇને તમારા દ્વેષી, વિરોધી, પ્રતિસ્પર્ધી, નિંદક, અહિત ઇચ્છનાર કે અહિત કરનાર, માનવાની જરૂર નથી. સર્વને આત્મવત્ માનો."

"કોઇ પણ જીવતા કે જડ પ્રાણી પદાર્થ સાથે ક્રોધ કરવો નહિ."

"કોઇ પણ ચીજ વાસ્તે શોક કરવો નહિ કે દિલગીર થવું નહિ કે નિરૂત્સાહ, અશ્રદ્ધા, અધૈર્ય કે અજય માનવો નહિ કે મનનો ક્ષોભ ધરવો નહિ કે મનમાં ડંશ રાખવો નહિ."

"કોઇપણ મનુષ્ય પ્રાણીને ક્રિયા યા વાણી યા મનવડે કલેશ, ક્રોધ, શોક, ભય, ચિંતા, દુઃખ, દુર્બળતા ઉપજાવે એવું કરવું નહિ."

"કોઇપણ પ્રકારની તમારી નિકૃષ્ટતા, કનિષ્ટ કે મંદ અધિકાર અથવા દુઃખી, દારિદ્રી કે હલકા પ્રકારની સ્થિતિ જોઇને મનમાં ઓછું આણવું નહિ."

"કોઇના આગળ દુઃખનાં રોડણાં રોવાં નહિ." "ભય કે શંકા, ગાંડપણ અથવા નુકશાનનું કારણ છે ( અપેક્ષાએ સમજવું.)"

"કોઇપણ મનુષ્ય પ્રાણીપ્રતિ તિરસ્કાર કે ધિક્કાર દર્શાવવો નહિ. કોઇનું દુઃખ ઉછીતુ ન લેવું કે કોઇને પોતાનું દુઃખ ઉછીતું ન આપવું, તેમ લેવા દેવું પણ નહિ."

"કોઇ કાર્યમાં નિષ્ફળતા પામવાનો કે સર્વોત્તમ વિજય શિવાય બીજું કશું થવાનો ભય રાખવો નહિ."

"સર્વદા શુભ તમારી માનસિક દૃષ્ટિથી જોયા કરો."

"તમે ચૈતન્ય સ્વરૂપ છો અને ચૈતન્યના અમર્યાદ દિવ્ય મહોદધિમાં નિરંતર રહો છો એમ ભાવો."

"જગતમાં શુભ, સત્ય અને સૌંદર્યનેજ સર્વદા જુઓ."

"વર્તમાનકાળને સર્વોત્તમ કરવાથીજ ભવિષ્યકાળ સુધરે છે."

"તમારૂં ભવિષ્ય તમારાજ હાથમાં છે કારણ તમો જેવા વિચારો નિરંતર સેવો છો તેવુંજ તમારૂં ભવિષ્ય બંધાય છે."

"ભવિષ્યની કે ભૂતકાળની વિગતો ચીંતવવી નહિ."

"ભૂતકાળમાં થઇ ગએલ ભૂલોને સંભારવી નહિ અને તેનું રસપૂર્વક ચિંતન કરવું નહિ."

"દરરોજ પરમાત્માનું પ્રેમ ભક્તિપૂર્વક મનવડે ચીંતવન કરવું."

"કોઇના રોગનું નિઃપ્રયોજન ચીંતન કરવું નહિ."

"કોઇપણ ક્રિયા, શારીરિક, માનસિક કે આધ્યાત્મિકમાં સર્વદા અભ્યુદય કે સર્વોત્તમ વિજય વિના બીજું ચીંતવવું નહિ."

"કોઇપણ કારણે મુખઉપરની પ્રસન્નતા કે આનંદને કાઢી નાંખવો નહિ."

"દરેક મનુષ્ય સાથે પછી તે નાનું હોય કે મોટું હોય પણ વિવેક-વિનયથી વર્ત્તવું અને મંદ સ્મીતથી બોલવાનું શરૂ કરવુંજ.

"કોઇના ખાનગી વિચારો જાણવા પ્રયત્ન કરવો નહિ."

"કોઇ દિવસ કરેલાં ઉદાર કૃત્યો અને દયાળુતાની કોઇના આગળ ગણતરી ગણવી નહિ"

"કમળ સરખું મનોહર પુષ્પ પણ જ્યારે રાત્રીપતિ તિરસ્કાર બુદ્ધિથી જુએ છે ત્યારે કેવું મલીન ચીમળાઇ ગએલું નિસ્તેજ થઇ રહે છે. જ્યારે કમળ ઉપર તિરસ્કાર બુદ્ધિ આટલી બધી અસર કરે છે તો કમળથી પણ કોમળ મનુષ્યઉપર તેની કેટલી અસર થાય તેનો દરેક બુદ્ધિમાને વિચાર કરવો."

"કેટલીક વખત અનિષ્ટ ભાસતો પ્રસંગ વસ્તુતઃ અનિષ્ટ નથી હોતો પણ ફાયદાકારકજ હોય છે માટે દરેક પ્રસંગે પૂર્ણ વિચાર કરી કાર્ય કરવું."

"દરેક પ્રાણીનાપ્રતિ શુદ્ધ પ્રેમ, ભ્રાતૃભાવ, વાત્સલ્યભાવ દર્શાવવો. તેમ કરતાં કૃપણતા રાખવી નહિ કારણ તેમ કરવાથી તે અધિકાધિક વધતાંજ જાય છે."

"સ્થિતિની કોઇ પણ પાસે દવા ખવડાવવી નહિ કિંવા ખાવી નહિ."

"કરેલી પ્રતિજ્ઞાઓ કદી ભૂલવી નહિ અને શુદ્ધ શ્રદ્ધાથીજ તેનું પાલન કરવું."

"સર્વત્ર સુખ અને અભ્યુદયનેજ જોવો."

"પરમાત્મા જ્ઞાનસ્વરૂપ છે. સર્વદા મંગલસ્વરૂપ છે અને તેમના સ્મરણથી સર્વનું હિત થાય છે."

"સર્વત્ર આનંદ વિલસી રહ્યો છે. શોક અને ખેદનો અવકાશ ક્યાં છે ? એમ ભાવના કરો.

"પૂર્ણિમાનો ચંદ્ર વિરહી મનુષ્યોને દુઃખ આપે છે પણ આનંદ ચંદ્રથી રાચતું મનુષ્યનું હૃદય વિરહીને પણ સર્વાંશે સુખ આપવા સમર્થ છે."

"આનંદને સેવનાર સર્વાંશે શુભ સ્વરૂપ છે."

"આનંદી મનુષ્યોનું અંતઃકરણ પૂર્ણિમાના ચંદ્રથી પણ અધિક નિર્મલ, તેજસ્વી, નિષ્કલંક અને શાંત હોય છે."

"આનંદ સ્વરૂપ આત્મા છે આત્માનો આનંદ પ્રત્યેક જીવોએ લેવો જોઇએ."

ॐ श्रीगुरु

# कषाय चतुष्टय.

## માન.

( લેખક ભીખાભાઈ છગનલાલ શાહ. )

( અનુસંધાન અંક સાતમાના પાને ૨૧૩ થી. )

સંસાર સમુદ્રમાં મુસાફરી કરતા મુસાફરોને પીડનારા આંધીઓમાંના ક્રોધનું વર્ણન ગયા અંકમાં કાંઈક થયું છે. આ અંકમાં મી. માનાજીની મુલાકાત લેવાની છે.

**હરીગીત.**

માન એ પાષાણુ નક્કી માન મોહનું બાણુ છે,
માનમાં ગુલતાન જે સુલતાન તે બેધ્યાન છે;
ઉંચે ચડ્યો, પાછો પડ્યો એ માનનોજ પ્રતાપ છે,
ભલભલા પણ ભુલતા એ વાતનો સંતાપ છે.

" જગતમાં હુંજ મ્હોટો છું. શ્રીમાન્, વિદ્વાન, બુદ્ધિમાન્, કીર્તિવાન્, યશવાન્, સુખી, અને સંપત્તિ-સમૃદ્ધિએ સંપૂર્ણ એવો માત્ર હુંજ છું. જગતમાં નિતિવાન પણ હું અને ન્યાયશાસ્ત્રી પણ હુંજ છું. ધર્મનિષ્ઠ પણ હુંજ છું. મહારા જેવો કોઇ છેજ નહિ. મને જીતનાર, મારો પરાજય કરનાર મારી સામે ઉંચી આંખે જોનાર કોઇ છેજ નહિ. " આવા અનેક પ્રકારનો મિથ્યા ગર્વ તે માન કહેવાય છે. મદ, અહંકાર, અભિમાન, પ્રભુતા, ગુરૂત્વ, મોટાઇ, પરપરિવાદ, પરપરાભવ, પરનિંદા, આત્મોત્કર્ષ, આકાશ, અવિનય, પરગુણ આચ્છાન વિગેરે વિગેરે માનના પર્યાયો છે. ખરેખર ! જેમ શિલાનો બોજો માથે પડવાથી મનુષ્ય દબાઈ જાય છે તેમ આ માનથી ભાયલો માનવી અવનતિને પામે છે. માન એ ખરેખર પોતેજ પાષાણુ છે. ભલભલાને ભૂલવનાર મોહનું બાણ એજ છે. એને માટે તે વધુ સંતાપકારી છે. માનના તાનમાં ગુલતાન થયેલો માનવી તે બેધ્યાન સુલતાન એટલે સ્વચ્છંદી બાદશાહ કે શહેનશાહ જેવો થઇ જાય છે અને તેથી તેવા સુલતાનો ઉંચે ચડીને પાછા પડે છે. પતન પામે છે. તે બધા પ્રતાપ માત્ર માનનોજ છે. માનથી બેધ્યાન-ઉપેક્ષાવાન્ રહેવું તે હિતની હાણુ હાથે કરીને કરવા જેવું છે. દુનીઆમાં તમામ મહેરબાન સારા પરંતુ માન મહેરબાન બૂરામાં બૂરો છે. સાક્ષર ડાહ્યાભાઇ કહે છે કે—

અભિમાન ફણીધરને નહિ દૂધ પાઇને પૈધાડવો,
રાવણ સરીખે માનથી, લીધો નથી કોઇ લાડવો;
ખરેખર ! માન તે ફણીધરથી પણ બૂરોજ છે.

**હરિગીત.**

માન તે નિજ ભાન ભુલવે, ઉદય-સ્તંભક સ્થાન છે,

વિદ્વાન લબ્ધિવાનને ડુલવે, વિનય-પ્રતિબંધ છે.
વિનય મોક્ષનું મૂળ તેથી મોક્ષનો પ્રતિબંધ એ,
દૃષ્ટાંત બાહુબળી તણું, સાચું સ્વરૂપજ દાખવે.

પોતે કોણ છે, પહેલાં તે કેવી સ્થિતિમાં હતો. હાલ તે કઈ સ્થિતિમાં છે અને જો સારી સ્થિતિએ હોય તો તે શાથી છે, હાલ પોતે પૂરો છે કે અધૂરો છે અને હજી બાકી કાંઈ કરવાનું છે કે નહિ આ તમામ વિચારનું ભાન એક માનનું માન આદર કરવાથી ભુંસાઇ જાય છે, અને તે ભાન ભુલાયું તે ઉદયની શ્રેણીને અટકાવનાર માન તે એક મજબૂત થાંભલોજ છે. આશ્ચર્ય છે કે તે વખતે વિદ્વાન્ અને મહા સમર્થ લબ્ધિવાનને પણ પોતાની જાળમાં ફસાવી ડુલવે છે. વળી તે વિનયનો તો સાક્ષાત્ પ્રતિબંધ, અટકાવ, નડતર છે. વિનયનો તે શોક્યો છે. જ્યાં વિનય ત્યાં માન નહિ અને માન ત્યાં વિનય નહિ. વિનયવાન્માં માન નહિ ને માનવાન્માં વિનય નહિ. અરસપરસના તેઓ કટ્ટા શત્રુ છે. હવે માનથી વિનય ન હોય વિનય વીના વિદ્યા ન હોય, વિદ્યા શિવાય સમક્તિ ન મળે, સમકિત શિવાય ચારિત્ર નહિ, અને ચારિત્ર વગર જન્મ-જરા અને મરણનો સદંતર મોક્ષ નહિ અને મોક્ષવિના શાસ્વતાં સુખ નહિ. અહોહો ! વિચાર કરવા યોગ્ય વાત છે કે વિનય એજ મોક્ષનું મૂળ છે અને તેથી માન એ વિનયનો પ્રતિબંધ માત્ર નહિ પરંતુ એ મોક્ષનો એ પ્રતિબંધ છે. દૃષ્ટિ માર્ગમાં ઉંચાં-વિશાળ તાડના ઝાડની માફક મોક્ષ માર્ગમાં આડે આવનાર માન, એ મહાન્ પહાડ છે. ભરત ચક્રવર્તિથી પણ વધુ બળીઆ બાહુબળજીએ એકી સાથે તમામ રાજ્ય લોભ ત્યાગી ઉત્કૃષ્ટ કાયોત્સર્ગ કર્યો (કે જે દેહમાં પક્ષીઓના માળા અને સર્પનો નિવાસ હતો એવી ઉપેક્ષાવાળો કાયોત્સર્ગ) તોપણ લેશ માનનું નડતર નાના ભાઇ દીક્ષાએ મોટા હોવાથી તેમને નમવું પડે તે ઠીક નહિ એમ ધારીને ત્યાં ન ગયા, તેટલુંજ માનનું નડતર તેમના કેવળજ્ઞાનને અંતરાયભૂત હતું અને જ્યારે બ્રાહ્મી સુંદરી દ્વારા પ્રભુશ્રી આદિનાથ ભગવાનના ઉપદેશવડે માનરૂપી હાથીથી ઉતરી ગયા—માનનો ત્યાગ કર્યો અને પગલું ઉપાડ્યું કે તરતજ કેવળજ્ઞાની થયા. તેમના જેવા સમર્થ પુરૂષોમાં સ્હેજ માનના અંશે કેવળજ્ઞાન રોકાયું હતું. તો કેવળ માને વ્યાપ્ત આપણા જેવા પામરાત્માઓની દશાનું તો પૂછવુંજ શું ? સિદ્ધ થાય છે કે જેનામાં માન છે તે હજી અધૂરો છે. તે હલકો છે. કહેવત પણ છે કે 'ગાજ્યાં મેઘ વરસે નહિ, ને ભસ્યા કૂત્તા કાટે નહિ.' સાક્ષર ડાહ્યાભાઈ કહે છે કે— અપૂર્ણ.

# બોર્ડીંગ પ્રકરણ.

## રોકડા રૂપિયાની આવેલી મદદ.

૧૧૨—૮—૦ શ્રી શાહ ખાતે હા. શા. જેશીંગભાઈ સાંકલચંદની વતી પરી. જોઇતાભાઇ સાંકલચંદ, બા. રૂ. ૧૫૦૦) ના વ્યાજના. દરસાલ રૂ.૫૬–૪–૦ પ્રમાણે આપવા કહેલા તે પૈકી સને ૧૯૦૭–૦૮ ની સાલના. અમદાવાદ.

૫—૦—૦ શા. પરસોત્તમ દીપચંદની વતી હા. અમદાવાદવાળા શા. બાલાભાઇ ચકલભાઈ. ખેડા.

૯—૦—૦ શા. છોટાલાલ મંછારામ. અમદાવાદ.

૨૫૦—૦—૦ મોતીના કાંટાના ટ્રસ્ટીઓ તરફથી શેઠ. હિરાચંદ નેમચંદ. બા. સવંત ૧૯૬૬ ના શ્રાવણ માસથી વરસ એક સુધી દર માસે રૂ. ૧૨૫–૦–૦ પ્રમાણે આપવા કહેલા તે પૈકી શ્રાવણ તથા ભાદરવા માસના. મુંબાઇ.

૫—૦—૦ શા. હિરાચંદ તારાચંદ. સાંગલી.

૩૩—૦—૦ માસ્તર નેમચંદ નગીનદાસ. હા. બાલાભાંઇ કકલભાઇ. અમદાવાદ.

**પરચુરણ.**

મર્હુમ સવાઇભાઇ રાયચંદ હા. ઝવેરી સારાભાઇ સાંકલચંદ. અમદાવાદ. ઘઉં મણ ૧૫) તથા ચોખામણ. ૫)

---



## " મલયાસુંદરી. "

કૃત્રીમ નોવેલોને ભુલાવે તેવું આ નોવેલ અમારા તરફથી હમણાંજ બહાર પડયું છે. પાકી બાઇન્ડીંગ, પાંત્રીશ ફરમાનું દળદાર પુસ્તક છતાં કીંમત માત્ર રૂ. ૦–૧૦–૦. રાખી છે. **બુદ્ધિપ્રભાના** ગ્રાહકોને માત્ર રૂ. ૦–૬–૦

તાકીદે લખો— ☞ **શ્રી જૈન શ્વેતાંબર બોર્ડીંગ.**

ઠે. નાગોરીસરાહ—**અમદાવાદ.**

# ઇનામનો મેળાવડો.

તા. ૫-૧૧-૧૦ ના રોજ સવારના આઠ વાગે બોર્ડીંગના મકાનમાં સ્કુલોની પરિક્ષામાં પાસ થએલા વિદ્યાર્થીઓને ઇનામ આપવાને માટે મેળાવડો કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શેઠ. ચંદુભાઇ લલ્લુભાઇ, શેઠ. સારાભાઈ ડાહ્યાભાઇ, બોર્ડીંગના સેક્રેટરી વકીલ મોહનલાલ ગોકલદાસ, ઝવેરી બાપાલાલ ન્હાલશા, વકીલ વેલચંદભાઈ ઊમેદચંદ, શા. શંકરલાલ લલ્લુભાઇ, નાણાવટી ચીમનલાલ છોટાલાલ બી. એ, મુલચંદભાઇ આશારામ વેરાટી, ભોળાભાઇ ઇચ્છાચંદ, તથા શા. ડાહ્યાભાઈ પ્રેમચંદ વગેરે સદ્‌ગૃહસ્થોએ હાજરી આપી હતી. શરૂઆતમાં બોર્ડીંગના સેક્રેટરી વકીલ મોહનલાલ ગોકલદાસે જણાવ્યું કે "અત્રેના ઝવેરી અમૃતલાલ મોહલાલનાં પત્ની બાઈ ચંપા દેવલોક પામ્યાં તેની મરણ તિથિના સ્મરણ અર્થે ગઇ સાલ આ દિવસે તેમના તરફથી રૂ. ૩૦) નું ઇનામ બોર્ડીંગના વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું. આ સાલ પણ તેમના તરફથી રૂ. ૫૦) નું ઇનામ આપવામાં આવ્યું છે જે ઇનામ વહેંચવાને માટે આ મેળાવડો ભરવામાં આવ્યો છે. આવી રીતે ઇનામ આપવાથી વિદ્યાર્થીઓને અભ્યાસ વધારવામાં ઉત્તેજન મળે તે ઉપરાંત બીજા બે લાભ થઇ શકે છે. એક તો પેઇંગ વિદ્યાર્થીઓ કે જેઓ પાસ થયા હોય તેમને સ્કુલ ઉપયોગી ચોપડીઓ આપવાથી તેઓને ખર્ચ ઓછું થાય અને બીજું ફ્રી વિદ્યાર્થીઓને બોર્ડીંગની સીલકમાંથી ચોપડીઓ આપતાં ખુટતી સ્કુલ ઉપયોગી ચોપડીઓ આપવાથી બોર્ડીંગને પણ ખર્ચનો બોજો ઓછો થાય. ઉપર પ્રમાણે બે લાભ છે. આવી રીતે ઇનામ આપી બોર્ડીંગને મદદ કરનાર સદ્‌ગૃહસ્થોનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ." પ્રસ્તુતવિષયને લગતું કેટલુંક વિવેચન તેમણે કર્યા બાદ શેઠ. સારાભાઇ ડાહ્યાભાઇના શુભ હસ્તે ઇનામો વહેંચવામાં આવ્યાં હતાં.

**ઈનામની ગોઠવણ**—આ સાલ પ્રીવીઅસની પરિક્ષામાં બોર્ડીંગના ત્રણ વિદ્યાર્થીઓ બેસનાર છે તથા મેટ્રીકની પરિક્ષામાં અગીઆર વિદ્યાર્થીઓ બેસનાર છે તેમના માટે રૂ. ૧૩) નું ઇનામ રાખી બાકીના રૂ. ૩૭) તથા રૂ. ૧૦) શ્રી જ્ઞાનોત્તેજક ખાતામાંથી લઇ રૂ. ૪૭) નું ઇનામ વહેંચવામાં આવ્યું હતું.

મેળાવડો વિસર્જન થયાબાદ ઝવેરી સારાભાઇ મગનલાલ તથા ધંધુકાના વકીલ ડાહ્યાભાઈ પ્રેમચંદ બોર્ડીંગમાં પધાર્યા હતા. તેઓએ અડધો કલાક બેસી બોર્ડીંગના વિદ્યાર્થીઓની પરિક્ષાનું રીઝલ્ટસીટ તથા વ્યવસ્થા વગેરે તપાસી પોતાના અમુલ્ય વખતનો ભોગ આપ્યો હતો. તેણે માટે તેઓ સાહેબોનો આભાર માનીએ છીએ.